પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૧/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૨ પોષ વદ-૮ વર્ષ : ૧૭ અંક : ૦૨૬

સુવિચાર
''માણસ પાસે બહુ રૂપિયા થઈ જાય છે, પછી ઘણીવાર એ બહુ રૂપિયા થઈ જાય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

માર્ગ બનાવવામાં સુરક્ષાનાં નિયમોનો ઉલાળીયો થતો હોય

અમરેલી-લીલીયા માર્ગ ઉપર ૨ દિવસમાં ૨ વ્યક્તિનાં મોત

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા માર્ગો કે પુલો જ જનતાનો જીવ લઈ રહ્યા છે

પદાધિકારીઓ અને અધિકારીઓમાં સામાન્ય જનતાની સુરક્ષાની કોઈ ચિંતા જોવા મળતી નથી

બાંધકામનાં તમામ નિયમોનું પાલન ન કરવા પાછળ કમિશનબાજી જવાબદાર

જયાં સુધી ટકાવારી પ્રથા બંધ નહી થાય ત્યાં સુધી બાંધકામનાં નિયમોનું પાલન નહી થાય તેવું લાગે છે

અમરેલી, તા. ૧૦
અમરેલી–લીલીયા વચ્ચે બનતાં માર્ગ ઉપર કોન્ટ્રાકટરની ઘોર બેદરકારીના કારણે આ માર્ગ ઉપર સતત નાના મોટા અકસ્માતોની હારમાળા સર્જાય રહી છે. ત્યારે બે દિવસમાં અમરેલી–લીલીયા વચ્ચેનાં માર્ગ ઉપર બે લોકોનાં મોત નિપજવા છતાં વહીવટીતંત્ર પણ મૌન બની તમાશો જોઈ રહયું છે. જેને લઈ લોકોમાં રોષ ભભુકી ઊઠયો છે. ત્યારે બે દિવસ પહેલાં રાત્રીનાં સમયે અમરેલીના દાદા ભગવાનનાં મંદિર પાસે ડબલ સવારી બાઈક બેરીકેટના અભાવે ખાડામાં ખાબકતાં એક યુવકનું અનુસંધાન પાના ૬ ઉપર

પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે સીએમને પત્ર પાઠવ્યો

અમરેલીથી ક્રાંકચ સુધીનાં બનતા માર્ગોનાં કામોમાં થતી દે ધનાધન અટકાવવા માંગ

નિયમોનો થતો ઉલાળીયો અટકાવવો જરૂરી

અમરેલી, તા. ૧૦
સાવરકુંડલા–લીલીયાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે અનુસંધાન પાના ૬ ઉપર

આમ આદમીનું અખબાર

amreli express
અમરેલી એકસપ્રેસ

અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એકસપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર પેપાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેકશન કરી શકે તેવા વ્યકિતઓની સા.કુંડલા, દામનગર, નાગેશ્રી, ટીબી, ડુંગર, ડેડાણ, સહિતના નાના-મોટાગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એકસપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે / સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

એજન્ટ/ પત્રકારની નિમણુંક કરવાની છે

આપના માટે લાવી રહ્યું છે
લવાજમ યોજના
લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૬
થી
તા.૩૧–૧૨–૨૦૨૬

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬

સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com

દવાના જથ્થાને નુકસાનની ભીતિ

રાજુલા : વીકટર બ્લોક હેલ્થ કચેરીમાં અચાનક આગ લાગતા અફડાતફડી

ફાયર અને ૧૧૨ ની ટીમ ઘટના સ્થળે દોડી

અમરેલી, તા. ૧૦

રાજુલાનાં વીકટરમાં આવેલ બ્લોક હેલ્થ કચેરીમાં અચાનક આગ લાગતાં દવાને જથ્થાનુ નુકસાન થયાની ભીતી સેવાઈ રહી છે.

આગની ઘટનાં બનતા ૧૧૨ની ટીમે ઘટનાસ્થળે દોડી આગ પર કાબુ મેળવ્યો હતો.

નિયમો અને સુચનાઓનો ખુલ્લેઆમ ભંગ

લ્યો બોલો : ઉનામાં ટ્રક ચાલકે પ્રતિબંધીત માર્ગ ઉપર લગાવાયેલ એન્ગલ તોડી નાખી

થોડીવાર માટે માર્ગ ઉપર ટ્રાફિકજામ સર્જાયો

ઉના, તા. ૧૦

ઉના શહેર નજીક મરછુન્દ્રી નદી પર આવેલી બ્રિજ પર મોડી રાતે ગંભીર બેદરકારીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. ભારે વાહનોના પ્રવેશ પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં એક ટ્રક ચાલકે બ્રિજ પર લગાવવામાં આવેલું પ્રતિબંધ સૂચક એન્ગલ તોડી નાખ્યું, જેના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

ઉલ્લેખનીય છે કે ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરે જિલ્લાના તમામ જૂના અને જર્જરિત બ્રિજ પરથી ટ્રક, બસ, જેસીબી સહિતના ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. છતાં હકીકતમાં આ જાહેરનામું માત્ર કાગળ પર જ રહી ગયું હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

પ્રતિબંધ હોવા છતાં મરછુન્દ્રી નદીના આ બ્રિજ પરથી સતત ભારે વાહનો પસાર થઈ રહ્યા છે. મોડી રાતે ટ્રક પસાર થતી વખતે લગાવેલ એન્ગલ તૂટી જતા બંને તરફ વાહનોની

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

લાંબી કતારો લાગી ગઈ હતી. સદનસીબે કોઈ મોટી જાનહાની નથી થઈ, પરંતુ ઘટના ભવિષ્યના ભયાનક અકસ્માતોની ચેતવણી આપી ગઈ છે.

સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે. લોકોનો સવાલ છે કે, "જાહેરનામું હોવા છતાં જો ટ્રક, બસ અને જેસીબી બિનઘાસ્ત પસાર થાય છે, તો દેખરેખ કોણ રાખે છે ?"

"આ બ્રિજ પર જો ગંભીર અકસ્માત સર્જાશે તો તેની જવાબદારી કોણ લેશે ?"

એક તરફ પ્રશાસન સુરક્ષાની વાત કરે છે, તો બીજી તરફ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. જો સમયસર કડક કાર્યવાહી નહીં થાય અને ભારે વાહનો પર નિયંત્રણ નહીં મૂકાય, તો મરછુન્દ્રી નદીનો આ બ્રિજ પણ કોઈ મોટી દુર્ઘટનાનો સાક્ષી બની શકે છે.

હવે જોવું રહ્યું કે પ્રશાસન આંખ ઉઘાડી કડક પગલાં લે છે કે પછી કોઈ મોટી ઘટના બાદ જ હરકતમાં આવશે.

અમરેલી જિલ્લામાં રોડ અકસ્માતની સતત ઘટના

ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર કાર પલ્ટી જતાં ૪ વ્યકિતને ઈજા

હાઈવે ઉપર માટીનાં પાળાનાં લીધે થયો અકસ્માત

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાનાં દરિયકાંઠા વિસ્તારમાંથી પસાર થતાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર માટીના પાળા હોય. એક કાર પલ્ટી જતાં ૪ વ્યકિતઓને ઈજા થવા પામેલ છે.

અમરેલી જિલ્લામાં દિ'ઉગે ને કાઈને માર્ગ ઉપર વાહન અકસ્માતની ઘટના ટ્રાફિક સપ્તાહનાં માહોલમાં થઈ રહી છે.

સાવરકુંડલા : કાણકિયા કોલેજ ખાતે નટવરભાઈ ગાંધીનું 'સંવાદ-વકતવ્ય' યોજાયું

સાવરકુંડલા, તા. ૧૦

નૂતન કેળવણી મંડળ સંચાલિત સાવરકુંડલા સ્થિત વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે આજે મૂળ સાવરકુંડલાના હાલ અમેરિકા સ્થિત એવા પ્રખર વિચારક, કવિ–લેખક નટવરભાઈ ગાંધીનું વકતવ્ય યોજાયું. હાલ સાવરકુંડલા ખાતે 'પર્વ પૂર્ણિમા'નો એક ભવ્ય કાર્યક્રમ યોજાઈ રહ્યો છે કે જેમાં નટવરભાઈ ગાંધી મુખ્ય અતિથિ તરીકે આવેલ છે. અને તેમની આત્મકથા 'એક અજાણ્યા ગાંધી – નટવરભાઈ ગાંધી' પર જીલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર કરી અને ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ આ 'પર્વ પૂર્ણિમા' નિમિત્તે યોજવાનો છે. તો સાવરકુંડલાના પનોતા પુત્ર એવા નટવરભાઈ ગાંધીએ આજે કાણકિયા કોલેજ ખાતે આર્ટસ કોમર્સના વિદ્યાર્થીઓ સાથે વકતવ્ય સાથે સંવાદ કર્યો.

સાવરકુંડલાથી મુંબઈ અને મુંબઈથી અમેરિકાની એમની જીવન યાત્રા કેટલી સંઘર્ષમય રહી અને વિદ્યાર્થીઓને તેમાંથી પ્રેરણા મળી શકે તેવું માર્ગદર્શન કર્યું અને ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી. વિદ્યાર્થીઓના પ્રશ્નોનું ખૂબ સુંદર રીતે સમજૂતી સાથે સંતોષકારક જવાબો આપ્યા હતા. તેમની સાથે સાથે એમના અનુજ દિલીપભાઈ ગાંધી તેમના ભગીની અને અન્ય પરિવારજનોની પ્રેરક ઉપસ્થિતિ રહી.

આ તકે પ્રસિદ્ધ હાસ્ય લેખક અને ગુજરાતી સાહિત્યના રત્નકણી શકાય એવા આદરણીય રતિલાલભાઈ બોરીસાગરની પણ વિશેષ ઉપસ્થિતિ રહી. તેમણે પણ વિનંતી ગ્રાહ્ય રાખીને વિદ્યાર્થીઓની સાથે હાસ્યરસની હળ વાશભરી વાતો કરી હતી અને નટવરભાઈ ગાંધીને મળવાની આ તક એ વિદ્યાર્થીઓ માટે સુવર્ણ કહી શકાય તે બાબતે પણ પ્રકાશ પાડ્યો હતો. નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટી વિનુભાઈ રાવળ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન કોલેજના આચાર્ય ડો. એસ.સી. રવિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

ધ્રુક અર્ષિતાબેને એક સુંદર ગીત રજૂ કર્યું હતું અને જીલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધાના પ્રથમ અને તૃતીય વિજેતાઓ ટાંક કૃપાલીબેન અને ચાંદૂ રિદ્ધિબેને પણ આ આત્મકથાના પુસ્તક વાંચન તથા નિબંધ લેખન બાદ ઘણી બધી પ્રેરણાઓ પોતાના જીવનમાં મળી તે અંગે નટવરભાઈ ગાંધીની હાજરીમાં જ ધન્યતા પોતાના શબ્દોમાં વ્યકત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આધ્યાપકગણ, નોન ટીચિંગ સ્ટાફ વગેરે તમામ લોકોએ ખૂબ સારી જહેમત ઉઠાવી હતી.

સાવરકુંડલા ખાતે પિતા બેટી સન્માન કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૧૦

બ્રાન્ચ શાળા નંબર ૨ કન્યાશાળામાં માતા–પિતાનું સન્માન દીકરીઓ ધ્વારા તેમનું પૂજન કરવામાં આવ્યું હતું, અને માતા પિતાના આશીર્વાદ લીધા હતા,અને પિતા પોતાની બેટી એટલે કે પોતાની દીકરીને શું ભણવું છે? કેમ આગળ વધવું છે? તે અંતર્ગત તેઓનું આજે એક વાલી સંમેલન શાળા નંબર ૨ માં યોજવામાં આવેલ, અને અને ધોરણ ૬થી ૮ની દીકરીઓએ પોતાના માતા–પિતાનો પૂજન અર્ચન કરેલ ,તેમના આશીર્વાદ મેળવેલ, અને માતા પિતાએ એમને વચન આપેલ, કે દીકરીઓ તમારે જેટલો અભ્યાસ કરવો હોય તે અમે તમને પૂરેપૂરો સપોર્ટ આપશુ,અને તમારે ચિત્રમાં રસ હોય. તમારે અભિનયમાં રસ રૂચિ હોય, ડ્રોઈંગમાં રસ હોય, ઈવન કોઈ પણ અન્ય એકિટવિટીઝમાં રસ હોય, એ પણ અમે તમને પૂરેપૂરો સપોર્ટ આપશું , તેમજ એજયુકેશનમાં પણ તમારી જયાં સુધી ભણવું હોય, ત્યાં સુધી પૂરેપૂરો સપોર્ટ આપશુ . એવું દરેક માતા–પિતાઓએ પોતાની દીકરીઓને ગૌરવાન્વિત કરેલ હતા.

ઘણા દિવસોથી નાસતો–ફરતો હોય દબોચી લેવાયો

અમરેલીનાં સોની વેપારી સાથે છેતરપીંડી કરનાર રાજકોટનાં આરોપીની અટકાયત

એસપીની સુચનાથી પેરોલ ફર્લો ટીમ દ્વારા કાર્યવાહી

અમરેલી, તા. ૧૦

રાજકોટ ગામે રૈયા રોડ, ઉપર આવેલા પાલ્મ યુનિવર્સ બિલ્ડીંગમાં આવેલા રૂમ નં. ૨–એ–૭૦૧ માં રહેતાં અને સોનીકામ કરતાં પિયુષભાઈ જમનાદાસ જગડા નામનાં સોનીએ આશરે એક માસ પહેલા ગોલ્ડ લોન છોડાવવાની જાહેરાત આપેલ હોય જેથી અમરેલીના ચકકરગઢ રોડ ઉપર આવેલ અમૃતનગર શેરી નં.૩ માં રહેતાં અને હાલ રહે. રાજકોટ, કે.કે.વી. સર્કલ, જગન્નાથ ચોક મહાપુજા પીજી હોસ્ટેલમાં રહેતાં આરોપી હીમાંશુ નીતેષભાઈ પરમારએ સંપર્ક કરી મજકુર આરોપીએ ગોલ્ડ લોન પુનાવાલા ફીનકોર્પ બેન્કમાથી છોડાવવા માટે પુનાવાલા ફીનકોર્પ બેન્કના એકાઉન્ટમાં સોની વેપારી પાસેથી રૂપિયા ૨,૩૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી

તેમજ રૂપિયા ૫૫,૦૦૦ પોતાના ખાતામાં જમા કરાવી બેન્કમા રહેલ ઘરેણા છોડાવવા જવાનું કહી બેન્ક પાસે સોની વેપારીને ઉતારી પોતાનુ આરોપી મોટર સાયકલ લઈ રકમ રૂપિયા ૨,૮૫,૦૦૦ ની છેતરપીંડી કરી ગુન્હો કરી આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

જે અન્વયે અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ પકડવા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો ટીમ દ્વારા ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૧૮(૪) મુજબના કામે છેલ્લા એક માસથી નાસતા ફરતા આરોપી બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેકનીકલ સોર્સ મારફતે હકીકત મેળવી રાજકોટ મુકામે તપાસ તજવીજ કરી નાસતા ફરતા આરોપી હીમાંશુ નીતેષભાઈ પરમારને ગત તા. ૬ ના રોજ રાજકોટ શહેર, કાલાવાડ રોડ, ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ અમરેલી સિટી પોલીસ સ્ટેશને ખાતે સોંપી આપવા તજવીજ કરેલ છે.

ખરવા નામનો રોગ પ્રસરતાં માલધારીઓમાં ચિંતા

ખાંભા ગીર પંથકમાં ગાય, ભેંસ સહિતનાં માલઢોરમાં રોગચાળો

જો કે પશુપાલન અધિકારીએ રોગચાળો ન હોવાનો ખુલાસો કર્યો

અમરેલી, તા. ૧૦

ખાંભા ગીર પંથકમાં ગાય ભેંસ સહિત માલ ઢોર માં ખરવા નામનો રોગ આવતા માલધારીઓ પોતાના પશુઓને આ રોગ પર નિયંત્રણ કરવા પ્રયત્ન કરી રહ્યા છે અને ખરવા નામનો રોગથી ગાય ભેંસ સહિત માલ ઢોર ચાલી શકતા ન હોય અને પશુઓના પગની ખરી (પંજા)માં લોહી નીકળતા હોય અને પશુઓ પરેશાન હોવાથી માલધારી ચિંતાતૂર બન્યા છે અમરેલી જિલ્લો ખેતી અને માલઢોર પર નિર્ભર છે ત્યારે ખાંભા ગીર પંથકનો માલધારીઓના માલઢોરમાં ખરવા નામનો રોગ આવતા ગાય ભેંસ બકરા સહિતના પશુને આ રોગ દેખાતા માલ ચાલી ન શકતા અને ઘાસ ચારો ખાતા નથી પાણી પણ પીતા ન હોવાથી માલધારીઓ ચિંતિત બન્યા છે અને માલધારીઓ દ્વારા સરકાર પાસે આ રોગની દવા અથવા વેક્સિન વેહલી તકે આપવામાં માંગ ઉઠી છે.

હાલમાં પશુઓમાં ફરવા અને મોવાસા નામના રોગની વાત છે તે બાબતે તેમની રસીકરણ ૨૦૨૫ – ૨૬માં બે રાઉન્ડ પૂર્ણ કરવામાં આવ્યા છે અને આ રસીકરણ દરેક પશુ દીઠ કરવામાં આવ્યું છે અને દરેક જગ્યાએ કેમ્પ કરીને આ રસીકરણ કરવામાં આવ્યું છે અને ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરી દીધું હતું અને હાલ અત્યારે આવો રોગ જોવા મળ્યો નથી અને અમુક પશુપાલકો પશુ દવાખાને આવે છે અને અમારા દ્વારા તપાસ પણ કરવામાં આવી રહી છે ખરેખર આ ખ કે મોવાસા નામનો રોગ છે કે નહી તેની તપાસ કરવામાં આવી રહી છે અને તપાસ પણ કરીશું અને એવું કંઈ લાગશે તો તેમની જે કાર્યવાહી થતી હશે તે કરીશું અને પશુઓમાં દૂધ જતુંરહેવાનું પ્રશ્ન છે તેમાં રસીકરણ થયું હોય તેમની આડઅસર હોય તેમના કારણે એફ એમ ડી નીચે રસી ના કારણે દૂધ જોવાના અમુક અમુક ચાન્સીસ રહેતા હોય છે અને એટલું બધું દૂધ જવાનું કોઈ પ્રોબ્લેમ રહેતો ન હોવાનું ખાંભા પશુ અધિકારી કોમલ પ્રજાપતિએ જણાવ્યું હતું

ગાયત્રી ચોક મિત્ર મંડળ દ્વારા સેવાકાર્ય રૂપી શ્રધ્ધાંજલિ અપાઈ

વડિયામાં સ્વ. ડાયાભાઈ ઉંઘાડની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે અનેકવિધ સેવાકાર્યો યોજાયા

૩૨૭ બોટલ રક્તદાન, ૫૦૦થી વધુ દર્દીઓનું દવા સાથે ફ્રી નિદાન કરાયુ

ઉંઘાડ પરિવાર તરફથી ૨,૫૧,૦૦૦ શ્રી રામ મંદિરમાં અર્પણ કરાયા

સંતો, ડોકટર્સ, યુવાનો અને મહિલાઓએ પણ રક્તદાન કર્યું

પૂર્વ મંત્રી બાવકુભાઈ, ઉદ્યોગપતિ દિલીપ ઉંઘાડ, મામલતદાર, પીઆઈ સહિત સૌ ઉપસ્થિત રહ્યા

વડિયા, તા. ૧૦

વડિયા ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડના મોટાભાઈ, સુરત સ્થિત અગ્રગણ્ય ઉદ્યોગપતિ દિલીપભાઈ ઊંઘાડના પિતા સ્વ. ડાયાભાઈ ઊંઘાડની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ નિમિતે વડિયાના ગાયત્રી ચોક યુવક મંડળ દ્વારા અનેકવિધ સેવા કાર્યોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા વડિયાના કૃષ્ણપરા સ્થિત પટેલ વાડી ખાતે ફ્રી નિદાન કેમ્પ અને મહા રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ફ્રી નિદાન કેમ્પમાં અમરેલીની એઈમ્સ હોસ્પિટલના નામાંકિત ડોકટરો દ્વારા ફ્રી નિદાન અને ફ્રી દવાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત વધારાની ગંભીર સારવાર કે ઓપરેશન માટે પીએમજય યોજના નીચે સરવારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સેવાનો સમગ્ર વડિયા વિસ્તાર અને સમગ્ર તાલુકાના લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ૫૦૦થી વધુ દર્દીઓની તપાસ કરી દવાઓ પણ આપવામાં આવી હતી.

આ સાથે મહા રકતદાન કેમ્પમાં ખુબ મોટી સંખ્યામાં રકતદાતાઓ જેમા સંતો, ડોકટરો, યુવાનો અને મહિલાઓ રકતદાન રૂપી મહાદાન કરી શ્રદ્ધાંજલિ આપી હતી અને ૩૨૭ બોટલ રકતદાન રૂપી રકત એકત્રિત કરાયું હતુ. આ ઉપરાંત વડિયાની ગોવર્ધન ગૌશાળામાં સમગ્ર વડિયા વિસ્તારના પશુપાલકો માટે ફ્રી પશુ નિદાન કેમ્પ અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સાથે ગાયોને લીલો ચારો, ઘાસ માટે લાડુ અને પક્ષીઓ માટે ચણની સેવા આપવામાં આવી હતી. વડિયાના ગાયત્રી ચોક યુવક મંડળના આ સેવારૂપી શ્રદ્ધાંજલિના કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડ, ઉદ્યોગપતિ દિલીપભાઈ ઊંઘાડ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંધી, ઈન્ચાર્જ પીઆઈ ગોહિલ સહીત સમગ્ર તાલુકાભરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે સ્વ. ડાયાભાઈ ઊંઘાડના પરિવાર તરફથી આ દિવસે વડિયામાં નિર્માણ પામતા શ્રી રામ મંદિરમાં બે લાખ એકાવન હાજરનુ દાન આપવામાં આવ્યુ હતુ. સ્વ. ડાયાભાઈ ઊંઘાડની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ આ ભવ્ય સેવારૂપી શ્રદ્ધાંજલિના કાર્યક્રમનો ખુબ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે વડિયાના ગાયત્રી ચોક યુવક મંડળ અને ઊંઘાડ પરિવાર દ્વારા જહેમત ઉઠાવી સમગ્ર કેમ્પમાં કોઈને તકલીફ ન પડે તે માટેની પૂરતી તકેદારી રાખવામાં આવી હતી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાત્ર કો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 9377003636

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
Destini 125
BOOKING OPEN
આજે જ ટેસ્ટ ડ્રાઈવ માટે પધારો
FIRST IN SEGMENT FEATURES
ILLUMINATED START SWITCH
AUTO CANCEL WINKERS
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
અસહ્ય તંદોવ છોડો,સહન ન કરો.સારવાર કરાવો આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji Hospital
રથળ : ડો.રાણપાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

The Victorious Journey Begins...
MARUTI SUZUKI VICTORIS
PRICE STARTS AT 10.49 LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-FI HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
ચિત્તલ રોડ, ઓમનગર, શેરી નં. ૨, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

STOCK CLEARING Sell Offer
Discount ₹6500/-
Discount ₹4000/-
Discount ₹3500/-
Discount ₹3500/-
પરીખ હોન્ડા

સન્ડે સ્વીટ્સ

અમરેલી એકસપ્રેસ amreli express

4

તા.૧૧–૦૧–૨૦૨૬

ગાતા રહે.. મેરા દિલ... તું... હી.. મેરી મંઝિલ.. હાએ.... કહી બિતે ના યે રાતે પિયા તો સે નૈના.. લાગે રે.. નૈના લાગે રે.. જાને કયાં હો... અબ આગે રે દિન ઢલ જાયે.. હાય.. રાત ના જાયે.. તુમ તો ના આયે તેરી યાદ સતાયે....

ફિલ્મી સફર

(એક ઇતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૩ ૩૦૫૦૬

પ્રકરણ .. ૨૬૭, – ૧૯૬૫

પ્રિય વાચક મિત્રો,

ઉતરાયણ પર્વની તમામ વાચક મિત્રોને હાર્દિક શુભ કામનાઓ. જે તહેવારની ઉજવણી થી, પંખીઓ અને મનુષ્યના ગળા કપાઈ જતાં હોય તેવી રીતે તે તહેવારને હિંસક બનાવી ઉજવવાનું શું મહત્વ છે ? સૂર્ય દેવની ઉપાસનાનું મહત્વ કોઈને યાદ ના હોય અને માત્ર પતંગ ઉત્સવ જ ઉજવાય તે હિન્દુ સંસ્કૃતિનો ઉપહાસ છે.

અમરેલીમાં એક પતિ અને પત્ની તેના સ્કૂટર પર ફરી રહ્યા હતા, હવેલી ચોકથી તેઓ હરિ રોડ જવા માંગતા હશે તે બન્નેને ખબર હતી. પાછળ બેઠેલા બહેને હાથથી હરિ રોડ આવ્યો એટલે સાઈડ આપી, પણ પતિદેવે સ્કૂટર તે રોડ સામે જ ઊભું રાખી દીધું. હવે પાછળ આવતા રાહદારીને શું સમજવું ?. કેહવાનો અર્થ એ છે કે, બન્ને ને ખબર હતી કે તેઓને હરિ રોડ જવું છે,, પણ બન્નેની વિચારધારા અલગ હતી.આવી વિચારધારા થી આજે ભારતમાં ઘણા દંપતિઓ જીવન જીવી રહ્યા છે.આજ કાલ લગ્ન જીવનની પણ એકસ પાયરી ડેટ હોવી જોઈએ તે બાબતે ચર્ચા હિન્દી સિનેમાની બે દિગ્ગજ પૂર્વ અભિનેત્રીઓ કરી રહી છે, તેમની આ ટિપ્પણીનો ઘણા લોકોએ વિરોધ કર્યો તો ઘણા આવકારે છે, કેમ ? કાજોલના સંતાનો યુવા થઈ ચૂકયા છે, અને જયા બચ્ચનના સંતાનોના સંતાનો યુવા થઈ ચૂકયા છે, ત્યારે આવી ટિપ્પણી કરી તેઓ સમાજને શું સંદેશ આપવા માંગે છે ?. વાત છે દંપતીની. ઘણા દાંપત્ય જીવનમાં પ્રેમનો અભાવ જોવા મળે છે, લવ મેરેજ હોય કે એરેંજ મેરેજ પણ લગ્નના અમુક દિવસો બાદ બન્ને વચ્ચે પ્રેમ અને સાતત્યનો અભાવ જોવા મળે છે. આજ ભારતનું યંગ જનરેસન લિવ ઈન રિલેસન અને વન નાઈટ સ્ટેન્ડ સુધી આવી પહોચ્યું છે. આ કોઈ પરીવર્તન છે કે વિનાશ તે સમજાતું નથી. લીવ ઈન રિલેસનએ આજે નવું નથી, પણ આજની ફિલ્મ ૧૯૬૫ ના સમયમાં આ વિષય એક વિવાદિત કહેવાતું હતું, તેવા લીવ ઈન રિલેસનની કથા પર આધારિત છે,આજની ફિલ્મ ગાઈડ એ તે સમયની ચર્ચા સ્પદ ફિલ્મ રહી હતી. ફિલ્મમાં લગ્ન જીવનમાં તણાવ અને પ્રેમનો અભાવ જોવા મળે છે, તો નાયિકા ફિલ્મના નાયકને હમસફર બનાવી પોતાનું ભવિષ્ય ઉજવળ બનાવી લે છે, અને નાયક નાયિકાની દેલતથી શરાબ અને જુગારનો શોખ પૂરો કરે છે, બન્ને પેહલા પ્રેમની સમન્તિ આપે છે, પણ હૃદય પૂર્વકનો પ્રેમ બન્ને બતાવી શકતા નથી. અંતે નાયકને વૈરાગ ઊભો થાય છે, અને પ્રેમ નો સાક્ષાત્કાર ઈશ્વર પાસેથી મળ છે. આવી કહાની લઈ દેવ આનંદ તેના હોમ પ્રોડકશનમાં ગાઈડ ફિલ્મ લઈ આવ્યા.ગાઈડ ફિલ્મ બનાવવામાં દેવ સાહેબને ઘણો સંઘર્ષ કરવો પડયો, ત્યાં સુધી કે ફિલ્મના નિર્માણમાં તેમની ઘણી રકમ પણ ખર્ચ થઈ ગઈ. કેવી રીતે ? તો ૧૯૬૦ ના સમય માં દેવ સાહેબ અમેરિકન લેખિકા પર્લ અને નિર્દેશક ટેડને મળ્યા, તેઓ એ ઈંગ્લિશ અને હિન્દીમાં સાથે નિર્માણ પામે તેવી એક ફિલ્મ બનાવવા નક્કી કર્યું, પર્લે દેવ સાહેબને કથા પણ કહી, પણ દેવ સાહેબને પસંદના પડી, વાત ત્યાં અટકીને પડી રહી. ૧૯૬૨માં દેવ સાહેબની ફિલ્મ હમ દોનોને બર્લિન ફિલ્મ ફેસ્ટિવલમાં સ્થાન મળ્યું, અને ત્યાં દેવ સાહેબ અને પર્લ ફરી મળ્યા, અને અંતે એક ફિલ્મ ઈંગ્લિશ અને હિન્દીમાં બનાવવાનું નક્કી થયું, પણ કહાની શોધવી મુશ્કેલ હતી. દેવ સાહેબને આર કે નારાયણ ની નોવેલ ગાઈડ મળી, અને તેમણે તે નોવેલ વાંચી, અને પર્લ સાથે વાત કરી, પર્લે તેમને અમેરિકા બોલાવ્યા, દેવ સાહેબ પ્રથમ વાર અમેરિકા અને હોલીવુડની મુલાકાતે ગયા, પર્લે ગાઈડ નોવેલ વાંચી, અને કહાની પસંદ કરી, અને નિર્દેશક ટેડની સાથે દેવ સાહેબની મુલાકાત ગોઠવી આપી. અંતે ઈંગ્લિશ અને હિન્દીમાં ગાઈડ નોવેલ પરથી ફિલ્મ બનાવવાનું નક્કી થયું. પણ દેવ સાહેબ આર કે નારાયણને ઓળખતા ના હતા, તેઓ એ આર કે નો સંપર્ક કર્યો, અને હોલીવુડ અને બાલીવુડમાં એક જ ફિલ્મ બનાવવા માટે તેની નોવેલ ગાઈડ માટે હક માંગ્યા, આર કે એ દેવ સાહેબ ને રૂબરૂ મુલાકાત નું કહ્યું, દેવ સાહેબ મૈસૂર ગયા અને અંતે ફિલ્મના હક તેમને મળ્યા.દેવ સાહેબે હિન્દી ફિલ્મના નિર્દેશક માટે તેમના ભાઈ વિજય આનંદને ગાઈડ વાચવા આપી, વિજય આનંદે કહ્યું કે ભારતના દર્શકો આ કહાની પસંદ કરશે નહીં, કારણ કે એક પરણિત મહિલા, તેના પતિથી અલગ થઈ એક યુવાનના સંપર્કમાં આવી બીજા લગ્ન કરે, તે વાત ભારતના દર્શકો પસંદ કરશે નહી, પણ દેવ સાહેબે ગમે તેમ કરી વિજયને મનાવી લીધા, ટેડ અને પર્લ ભારત આવ્યા, અને ફિલ્મની હિરોઈનની પસંદગી કરવા નક્કી થયું, દેવ સાહેબ વૈજયંતી માલાને ફિલ્મમાં લેવા માંગતા હતા, કારણ કે ફિલ્મની નાયિકા એક નૃત્યાંગના છે, અને વૈજયંતીના નૃત્ય તે સમયે પ્રચલિત હતા. પણ ટેડે વૈજયંતીને પસંદ ના કર્યા, અને લીલા નાયડુ પર પસંદગી ઉતારી, દેવ સાહેબે કહ્યું, કે હિન્દી સિનેમામાં લીલાની વધુ લોકપ્રિયતા નથી, સાથે તેને નૃત્ય પણ ફાવતું નથી, અંતે બન્ને એ વહિદા રેહમાનને ફરાર બધ્ધ કર્યા, સાથે એક અભણ ગ્રામીણ માટે ટેડે અભિનેતા કે એન સિંગ ને લીધા, વિજય આનંદે તેનો વિરોધ કર્યો, કારણ કે તે પાત્ર ફિલ્મ માં એક ગમાર વ્યક્તિનું હતું, અને કે એનની છબી હિન્દી સિનેમા માં એક ખલ નાયક ની હતી, તેથી હિન્દી સિનેમા માં કે એન ને સ્થાન ના મળ્યું. વિજય ટેડના સ્ક્રીપ્ટ પર કામ કરવા તૈયાર ના હતા, કારણ તેઓ ગીતને પણ પ્રાથમિકતા આપતા ના હતા, અને અંતે વિજયે ફિલ્મનું નિર્દેશન તેઓ ટેડ સાથે નહીં કરી શકે કહી ફિલ્મ છોડી દીધી.દેવ સાહેબ તેના મિત્ર રાજ ખોસલાને મળ્યા, બન્નેની મિત્રતા ગાઢ હતી, તો તેઓ નિર્દેશન માટે તૈયાર થયા, તો વહિદા એ રાજ ખોસલા નિર્દેશન કરશે તો ફિલ્મ કરવાની ના કહી, કારણ કે સોલવા સાલના શૂટિંગ દરમ્યાન બન્ને વચ્ચે ખટરાગ થયો હતો, રાજ સાહેબે વહિદાની માફી માંગી પણ વહિદા એક ના બે ના થયા, અંતે તેઓ એ પણ ફિલ્મ કરવાની ના કહી. દેવ સાહબની મુશ્કેલી વધી ગઈ, પણ મોટાભાઈ ચેતન તેમની સહારે આવ્યા, અને ફિલ્મના નિર્દેશન માટે હા કહી, પણ ફિલ્મ શરૂ થઈ ત્યાં જ ચેતનની ફિલ્મ હકીકત માટે તેમણે સરકાર સમક્ષ લદાખના શૂટિંગની પરમીસન મળી ગઈ, અને તેઓ એ પણ ફિલ્મ છોડી દીધી. અંતે દેવ સાહેબ ફરી વિજય પાસે ગયા. વિજય આનંદે કહ્યું કે હિન્દી ફિલ્મની સ્ક્રીપ્ટ પણ હું લખીશ, ગીતો પણ હું સામેલ કરીશ, અને ઈંગ્લિશ અને હિન્દી બન્ને ફિલ્મોનું શૂટિંગ અલગ અલગ થશે, જો આ શરત મંજૂર હોય તો હું નિર્દેશન કરીશ, બન્ને ફિલ્મનું શૂટિંગ અલગ કરતાં, ફિલ્મનું શૂટિંગ જે ૬૦ દિવસ માં થાય તે સમય ૧૨૦ દિવસ કરતાં વધુ સમય થાય, અને આઉટ ડોર શૂટિંગમાં પણ બે વાર ખર્ચ થાય, છતા, દેવ સાહેબ તૈયાર થયા, અને પ્રથમ ૪૫ દિવસમાં ઈંગ્લિશ ફિલ્મનું શૂટિંગ થયું, ટેડ ફિલ્મ શૂટિંગ પૂર્ણ કરી અમેરિકા જતાં રહ્યા, તે ફિલ્મના બ્રેક ગ્રાઉંડ સંગીતમાં પણ એસ ડી દાદાએ સંગીત આપ્યું હતું.વિજય આનંદે સ્ક્રીપ્ટમાં ફેરફાર કર્યા, અને આજ સુધી ભારતમાં જે વિષય પર ફિલ્મ બની ના હતી, અરે ભારતની જનતા લીવ ઈન રિલેસનને પસંદ કરતી ના હતી, તો પણ એક બોલ્ડ વિષય પર ફિલ્મ બનશે તેવી સ્ક્રીપ્ટ બનાવી,સાથે દેવ આનંદ ને ફિલ્મ ના અંતે આધ્યાત્મિક સ્વરૂપે રજૂ કરી એક નવી ભૂમિકા આપી, આજ સુધી હીંદી સિનેમાના હીરોએ આવી ભૂમિકા ભજવી ના હતી, અને દેવ સાહેબ જેની લોકપ્રિયતા આસમાને હતી તે ફિલ્મના અંતે મૃત્યુ પામે તેવી કહાની પેહલા દેવ સાહેબને પસંદ ના પડી, પણ આર કે ની નોવેલમાં આ પાસા આ સમાવી લેવામાં આવ્યા હતા, અને અંતે દેવ સાહેબે તેમના ભાઈના કેસલ પર વિશ્વાસ રાખી ફિલ્મ તેમના કહ્યા મુજબ કરવાનું નક્કી થયું. વાત આહિ અટકતી નથી. ફિલ્મના સંગીત માટે એસ ડી બર્મનને પસંદ કરવામાં આવ્યા હતા, અને ગીત કાર હસરત જઈપૂરીને કરાર બધ્ધ કરાયા હતા, હસરતની એક રચના.. દિન ઢલ જાયે હાય.. રાતના જાયે પર એસ ડી, અને વિજયને હસરત સાથે મનદુખ થયું, અને હસરત ફિલ્મ છોડી દીધી. તે સમયે ગીત લખાઈ ગયા હોય તો ગીત કારને રકમ આપવી તેવો નિયમ હતો, અને દેવ સાહેબે ૨૫૦૦ રૂપિયા હસરતને આપ્યા. શૈલેન્દ્રને નવા ગીત કાર રૂપે નક્કી કરાયા,પણ શૈલેન્દ્રએ તેમની ફી ડબલ કરી દીધી, દેવ સાહબે તેમની વાત મંજૂર રાખી અને ગીતની રચના શરૂ થઈ. તે સમયે એસ ડી દાદાની તબિયત અચાનક વધુ બગડી ગઈ, તેમણે દેવ સાહબને કહ્યું કે તેઓ બીજા સંગીત કાર પસંદ કરે, પણ દેવ સાહબે દાદાની તબિયત સારી થાય ત્યાં સુધી રાહ જોઈ, અને અંતે ફિલ્મોના ગીતો તૈયાર થયા.આ ફિલ્મની ગીત અને સંગીતની અન્ય વાત સાથે, ફિલ્મની કહાની કરતાં, ફિલ્મના સવેદનશીલ દ્રશ્યોની વાત આગામી અંકમાં કરીશું. આભાર..

* ઉતરાયણ : સુર્ય શક્તિ સંગ્રહ (કેલ્શીયમ+વિટામીન–ડી) અને પરિવર્તન *

(જુનુ ત્યજી નવું અપનાવવાનો) નો તહેવાર મિત્રો ૨૦૨૬ નું વર્ષએ સૂર્ય ઉપાસનાનું વર્ષ છે

આજની ચર્ચાના વિષય માટે મારા પરમ મિત્ર ડો. નીતીનભાઇ ત્રીવેદી (બાળ રોગ નિષ્ણાંત) એ મોકલાવેલ એક મેસેજથી આ લેખ લખવાનો વિચાર આવ્યો. શરૂઆત મારી પાસે સારવાર લેવા આવેલ નીરાલીબેન (દર્દીનું નામ બદલાવેલ છે) ના કેસ થી કરીશુ, નીરાલીબેનની ઉમંર ૩૬ વર્ષ છે, નીરાલીબેનનું પીયર અમરેલી અને મુંબઈ સાસરે છે, નીરાલીબેનના લગ્નને ૧૦ વર્ષ થયા છે, હાલમાં તે મુંબઈમાં એક અમેરીકન કંપની મા છેલ્લા ૬ વર્ષથી જોબ કરે છે,. તેનો નોકરીનો સમય રાતના ૮:૦૦ થી સવારના ૪:૦૦ નો છે. તેને કમર નો અસહ્ય દુઃખાવો રહેતો હતો, એટલે અમરેલી આરામ કરવા આવ્યા હતા, કોઈએ તેમને આયુર્વેદ સારવાર ની સલાહ આપી એટલે મારી પાસે આવ્યા હતા, મે તેમને તપાસ્યા એમની ફરીયાદ એવી હતી કે સાહેબ કમર અસહ્ય દુખ્યા કરે છે, રાત્રે પગ બહુ કળે છે, થાક ખુબ લાગ્યા કરે છે, મુંબઈમાં લગભગ દરેક જગ્યાએ સારવાર લીધી પણ જયા સુધી દવા લવ સારૂ રહે છે જેવી દવા બંધ કરૂ કે દુખવા માંડે છે, એટલે હવે તો દવાથી એટલી બધી કંટાળી છુ કે સાહેબ કોઈ દવાલેવી નથી, મે તેમની પાસે રહેલા તેમના બધા રીપોર્ટ્સ જોયા, તેમાં એકસ–રે, એમ. આર. આઈ., સહીતના લગભગ બધા રીપોર્ટ્સ હતા, અને બધા રીપોર્ટ્સ નોર્મલ હતા, મે તેમના રીપોર્ટ્સ મારી પાસે રાખ્યા અને બીજા દિવસે સવારે વહેલા આવવા જણાવ્યુ,(અમારી પાસે મોટા ભાગે લોકો રોગ જુનો થયા બાદ (Chronic) જ સારવારમાં આવતા હોય છે અને એવા રોગો કે જેમાં રોગ ઘણા લાંબા સમયથી ચાલુ હોય પણ રોગ થવાનું દેખીતુ કોઈ કારણનો દેખાતુ હોય આવા દર્દીમાં તેના રોગના કારણ (નિદાન) માટે જયારે હું એકદમ સ્વસ્થ ચીતે (વહેલી સવારના સમયે) વિચારૂ ત્યારે એ જુના રોગ થવા માટે મોટા ભાગે એવું કારણ જ જાણવા મળે જે એ દર્દીની દિન ચર્યા સાથે જોડાયેલું હોય, એટલે જયારે આવા દર્દી અમારી પાસે આવે કે જેનું સ્પષ્ટ નિદાન ન થયું હોયએ દર્દીને હું હંમેશા વહેલી સવારે આવવાનો આગ્રહ રાખું છુ, મને એવું લાગે છે કે દર્દીના નિદાન અને સારવારમાં ડોકટરનું સ્વસ્થચીત ખુબજ અસરકારક હોય છે) એ દિવસે સાંજે મે નિરાંતે નીરાલીબેનના રીપોર્ટ્સ ફરી થી તપાસ્યા તેમાં નીરાલીબેનના કમરનો દુઃખાવો સતત રહે તેવુ દેખીતુ કોઈ કારણ દેખાતુ નતુ, તેમના રીપોર્ટ્સ માં મને વિટામીન ડી નો રીપોર્ટ જોવાનો મળ્યો, મેબીજા દિવસે તેમને વિટામીન ડી નો રીપોર્ટ કરાવવાની સલાહ આપી, જયારે તેમનો રીપોર્ટ્સ આવ્યો ત્યારે મને ખુબ આશ્ચર્ય થયુ. તેમનું વિટામીન ડી ૨.૩ ng/ml(ng – ને નોગ્રામ, ml – મીલીલીટર) (૩૦–૧૦૦ ng/ml એ નોર્મલ રેંજ છે.) મતલબ કે નીરાલીબેન ના શરીરમાં વિટામીન ડી છે જ નહી તેવું કહી શકાય, હવે નીરાલીબેનની રોજ ની દિનચર્યા ઉપર નજર કરીએ તો નીરાલીબેનની રાત્રે ૮ થી ૪ ની નોકરી હોવાથી વહેલી સવારે ઘરે આવે અને ૧૧–૦૦ સુધી આરામ કરી, રોજનું રૂટીન કામ પતાવી બપોરે પાછા આરામ કરે, તેમનું ઘર એવી ગીચ જગ્યામાં જયા હવા – ઉજાસ બીલકુલ નહીવત હતા, મતલબ નીરાલીબેનને સીધા સુર્યપ્રકાશના સંપર્ક માં આવે તેવું થતુ જ નહી અને પરીણામે તેમનામાં વિટામીન ડી ની ઉણપ સર્જાઈ એવું મને લાગ્યુ, મે તેમને થોડી આયુર્વેદ દવા આપી, માલીશ માટે તેલ આપી અને, તેલ લગાવી રોજ ૧૫ મીનીટ ફરજીયાત તડકે બેસવાની સલાહ આપી, અને ૩ – મહીના પછી ફરી આ વિટામીન–ડી ના રીપોર્ટ્સ કરી મને ફોન કરવા કહ્યુ, દવા લઈ ગયા ના લગભગ સાડા ત્રણ મહીના પછી નીરાલીબેનનો ખુબ રાજીપો વ્યક્ત કરતો ફોન આવ્યો, મે તેમના વિટામીન ડી ના રીપોર્ટ્સ વિશે પુછયું, મને કહે સાહેબ મારૂં વિટામીન ડી ૨૪.૪૨ થઈ ગયું છે અને પહેલા કરતા ખુબ જ સારૂ લાગે છે, મે તેમને ફરીથી રોજ ૧૫ મીનીટ સુર્યપ્રકાશમાં બેસવાનું ચાલુ રાખવાનું કહ્યું.

'આપણા શરીરની વિટામીન ડી ની જરૂરીયાત પુરી કરવા માટે સુર્યપ્રકાશ મુખ્ય સ્ત્રોત છે, વિટામીન ડી આપણા રોજીંદા ખોરાકમાં આપણને લગભગ મળતું નથી (માછલી માં તે હોય છે), આપણા શરીરની એવી ખાસીયત છે કે તે વિટામીન ડી નો સંગ્રહ કરી શકે છે અને શરીર ને જરૂર હોય ત્યારે આપી શકે છે, જો આપણે ત્રણ આખા દિવસનો સુર્યપ્રકાશ લઈએ તો આખુ વર્ષ આપણા શરીરને જરૂરી વિટામીન ડી નો સંગ્રહ થઈ જાય છે. સુર્યપ્રકાશ દ્વારા વિટામીન ડી સંગ્રહ કરવાનો શ્રેષ્ઠ સમયએ શીયાળાનો અંત ભાગ (ઉતરાયણ નો સમય) અને ઉનાળાની શરૂઆતનો છે. આપણા શરીરની એવી પણ ખાસીયત છે કે શરીરને જરૂરીથી વધારે કોઈ વિટામીનનો સંગ્રહ નથી કરતું, આપને વિચારે આવે કે જે આખો દિવસ તડકામાં કામ કરતા હોય તેને તો તેની જરૂરીયાતથી વધારે વિટામીન ડી સંગ્રહ થતું હશેને પણ એવું નથી થતુ, મારી પાસે એક ભાઈ દવા લેવા આવ્યા, એમને પગનો દુખાવો હતો, મે એમને સલાહ આપી કે બહુ ખાટું નહી ખાતા, મને કહે સાહેબ મને ડોકટરે એવું કહ્યુ છે કે તમારે વિટામીન સી વધારે મળે એવો ખોરાક ની જરૂર છે, એટલે આખો દિવસ લીંબુ જચુસ્યા કરૂ છુ, મે એમને સમજાવ્યા કે તમારા શરીરની જરૂરીયાત પુરતું જ વિટામીન સી સંગ્રહ કરશે બાકીનું પેશાબ વાટે શરીર બહાર કાઢી નાખશે.

મિત્રો આપણા દરેક તહેવાર પાછળ આપણા વિચક્ષણ પુર્વજોની દિર્ઘદ્રષ્ટી છુપાયેલી હોય છે, જેનો મુખ્ય હેતુ સમાજ વ્યવસ્થા અને સ્વાસ્થ્યનો હોય છે.

મિત્રો આજે ઉતરાયણ છે, શા માટે ઉતરાયણના દીવસે મમ્મી સવારે તલ ચાવી કોગળા કરવાનું કહેતા ? તલ ના લાડુ ખવરાવતી, સાંજે ખીચડો ખવરાવતી અને ઉતરાયણના દિવસે ખુલ્લા આકાશમા કેમ પતંગ ચગાવવાની ત્યારે આવી ખબર નહોતી પડતી, પણ આયુર્વેદ ચીકીત્સક તરીકે મે આ બાબતે દ્રષ્ટી કરી ત્યારે મે જે જાણીયુ એને માટે આપણા વિચક્ષણ પુર્વજો ને શત – શત નમન કરવાનું અને શા માટે દુનીયા ભારતને જગતગુરૂ સમજતી તે સમજાય.

ઉતરાયણના દિવસે આખો દિવસ આપણે તલના લાડુ કે ચીકી ખાઈએ છીએ તલની અંદર સૌથી વધુ કૌલ્શીયમ હોય છે. (૧૦૦ ગ્રામ માં ૯૭૫ મી.ગ્રા.),, હવે મિત્રો આ આખી કડીને જોડો એટલે સમજાશે કે ઉતરાયણ દિવસે આખો દિવસ ખુલ્લા આકાશમાં પતંગ ઉડાવવાનો અને તલ ખાવાનું શુ મહત્વ છે. આમ આપણા તમામ તહેવાર પાછળ કોઈને કોઈ સ્વાસ્થ્ય હેતુ હોય જ છે.

અમારી પાસે સાંધાના દુખાવાની ફરીયાદ લઈને આવતા દર્દીઓને અમે હંમેશા તેલ લગાવી કુણા તડકે બેસવાની સલાહ આપીએ છીએ, મીત્રો આપણે સવારે સ્નાન કરી સુર્યનારાયણને જલ અર્પણ કરીએ છીએ તેમાં પણ આ જ હેતુ છુપાયેલ છે. સુર્યશક્તિ અને ઉર્જા પ્રાપ્ત કરવા એક અનુભુત પ્રયોગ બતાવું છુ. સવારે સ્નાન કર્યા બાદ નિયમીત રૂપે સુર્યને અર્ઘ્ય (જલ અર્પણ કરવું) આપી ૨૪ – ગાયત્રી મંત્ર બોલવા (મન માં નહી) જેમાં ૐ નો ઉચ્ચાર થોડો દીર્ઘ અને ઉંડેથી બોલવો ૨૪ – ગાયત્રી મંત્ર બોલતા અંદાજે ૪ – મિનીટ જેટલો સમય લાગશે, આપણા શરીરની દૈનીકની વિટામીન ડી જરૂરીયાત પુરી કરવા રોજ ૪ થી ૫ મીનીટનો સુર્યપ્રકાશ પુરતો છે. આપ આ પ્રયોગ કરી જુઓ આપને અદભુત લાભ થશે. પ્રાચીનકાળથી સુર્ય ઉપાસના નું મહત્વ રહેલું છે. વિના સેથી પ્રાચીન ગણાતા ઋગ્વેદમાં સુર્ય માટે પતંગ શબ્દ વપરાયો છે. એટલે જ આપણે ઉતરાયણના દિવસે સુર્યપુજાના પ્રતીકરૂપે પતંગ ઉડાવીએ છીએ,

સુર્ય એકરાશીમાંથી બીજી રાશીમાં સ્થળાંતર કરે તેને સંક્રાતી કહે છે, આ પ્રમાણે વર્ષમાં કુલ ૧૨ સંક્રાતીઓ થાય છે. પરંતુ સુર્ય ધન રાશીમાંથી મકર રાશીમાં સ્થળાંતર કરે છે ત્યારે મકરસંક્રાતી શરૂ થાય છે જે ૧૪ – ૧૫ જાન્યુઆરી આસપાસનો સમય હોય છે, આ સમયે સુર્ય પૃથ્વી આજુ બાજુની પોતાની પરીભ્રમણની દિશામાં પણ પરીવર્તન કરી થોડોક ઉતર દિશા તરફ ખસે છે આમ સુર્ય ઉતર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉતરાયણ તરીકે ઓળખવામાં આવે છે.

આકાશએ અનંત છે, આકાશ સામે એક ધાર્યું જોવાથી તમારામાં વિશાળતાનો અને સર્વની સ્વિકુતીનો ભાવ આવશે, આકાશ સામે જોવાથી તમારામાંથી નેગેટીવી ઓછી થઈ નવી ઉર્જાનો સંચાર થશે, ઉતરાયણએ પરીવર્તનનો સમય છે, જુનુ ત્યજી અને નવુ અપનાવવાનો સમય છે, દક્ષિણાયન અંધકારનો સમય છે એટલા માટે આ સમય આપણે કોઈ શુભ કામ નથી કરતા જયારે ઉતરાયણ પ્રકાશનો સમય છે તેથી તેને શુભ માનવામાં આવે છે, એટલે જ ઉતરાયાણથી આપણે કમુર્તા પુરા થયા છે એવું સમજી શુભ કાર્યોનો પ્રારંભ કરીએ છીએ, આવા સમયે જો દાન કરવામાં આવે તો તમારામાં એક સંતોષનો ભાવ થશે.

તો, ચાલો મીત્રો આ વર્ષે ઉતરાયણના દિવસે સવારમાં તલ ચાવી, તેના વડે દાંત ચોખ્ખા કરી, તલ ના તેલ થી સર્વાંગ માલીશ કરી, તલ ના લાડુ કે ચીકી ખાય, આખો દીવસ સુર્ય શક્તીનો સંગ્રહ કરી પતંગ ઉડાવવાની મોજ કરીને નવી ઉર્જા સાથે શરી –ૅમનને રીચાર્જ કરી લઈએ.

મર્મબિંદુ :– પદયાત્રા કરતો ત્યારે મારા આહારમાં કુલ ૧૨૦૦ –૧૩૦૦ કેલરી રહેતી. ડોકટરોને બહુ નવાઈ લાગતી કે આટલા બધા શ્રમ છતાં આટલી ઓછી કેલરીમાં કેમ ચાલી શકે છે ? હું કહેતો કે હું સૌથી વધારે આકાશ ખાઉં છુ. મારા આહારમાં નંબર એકમાં આકાશ છે. નંબર બેમાં વાયુ, અને નંબર ત્રણમાં સુર્યકિરણ, પછી ચોથા નંબરમાં પાણી. વધારેમાં વધારે આકાશ – સેવન ઉપરાંત ચિતની પ્રસન્નતાએ ઉતમ આહાર છે.

(વિનોબા ભાવે) ડો. ભાવેશ કે. મહેતા, મો.૯૪૨૬૨૮૪૯૦૮,mail drbkmehtarmo@gmail.com

રામ ચરિત માનસ : મીલહિ ન સહોદર ભ્રાતા

રામ ચરીત માનસમાં તુલસી દાસજી એ લખ્યું છે કે જગત માં બધુ બીજી વખત મળે છે. પરંતુ એક માતાના ઉદરથી જન્મેલ સહોદરભાઈ ગયા પછી ફરી વખત કયારેય મળતો નથી. ખુબ સાચી વાત છે.કયારેક જનેતાનું અવસાન થાય બીજીમાં આવે પણ એ પણ એ માં ઓરમાન કહેવાય. જનેતા નહિ. એક બાપન દિકરા ચૌકકસ કહેવાય. પણ સહોદર નહી. ભાઈ તો ભાઈ હોય છે. રામાયણમાં પ્રસંગ આવેછે. સીતારામ વનમાં જાય છે. લક્ષ્મણ દોડતા આવેછે. વનમાંઆવવાનું કહે છે. ખુબ જીદ કરે છે. ત્યારે રામજી કહે છે કે ભાઈ તું મા સુમીત્રાની રજા લઈ આવ. અને લખનજ વારો જવા દોટ મુકે છે. માને વનમાં જવાનું કહે છે. માં સુમીત્રા એ વખતે કહે છે. કે તું મારી પાસે રજા લેવા આવ્યો ?? તારી ભુલ છે. કારણ..... "તાત તુમ્હારી માતુ બૈદેહી... પીતા રામ સંબર્ભાતી સ્નેહી" રાગ, રોગ, ઈર્ષ્યા મદ, આળસ, ઉધ નો ત્યાગ કરી રામજી સાથે સુખેથી વન જાય. આવો ભાવ હતો માં સુમીત્રા નો રામ અને સીતા પ્રત્યે. લક્ષ્મણજી રામ સારો ગયા છે. માની આનુ પુર્ણ પાલન કર્યું છે. એ પછી સીતા હરણ થાય છે. લક્ષ્મણ ઢાલ બનીને ભગવાન રામ સાથે રહયા છે. રમ–રાવણ નું ભંયકર યુધ્ધ થાય છે.રાવણના મહા યોધ્ધાઓ મરણ પામે છે. એ વખતે મેઘનાદ રણ મેદાનમાં આવે છે. લક્ષ્મણ અને મેઘનાદનું ભંયકર યુધ્ધ થાય છે. મેઘનાદને પરાજય દેખાતા છેવટે લક્ષ્મણ ઉપર વિર–ઘાતીનો પ્રયોગ કરે છે. અને એ લક્ષ્મણની છાતીમાં વાગતા લક્ષ્મણ બેહોશ થઈ ધરતી પર પડી જાય છે. યુધ્ધ બંધ થતા હનુમાનજી

લક્ષ્મણને રણસંગ્રામ માં પડેલા જોઈ ખંભે ઉચકી રામ સામે લાવી સુવડાવે છે. ભગવાન રામ આ જોતા દુઃખીત થાય છે. વાનર સેના ગમગીન બને છે. લંકામાંથી સુષૈણ નામના વૈદને હનુમાનજી લાવે છે. વૈદ ઉપચાર કરતા કહે છે કે લક્ષ્મણને જીવતા રાખવા હોય તો સંજીવની નામની ઔષધી સુર્યોદય પહેલા લઈ અવો તો પ્રાણ બચી જાય.મારૂતી જાય છે. અડધી રાત વિતતા હનુમાનજી પાછા ન આવતા ભગવાન રામજી કલ્યાણ કરતા કહે છે કે હે ભાઈ તારી સેવાના હું શું વખાણ કરૂ ? તુ મને કયારેય દુઃખી થતા જોઈ શકયો નથી. આવો મારા પ્રત્યે તારો કોમળ પ્રેમ છે. મારા માટે તે માં–બાપ નો ત્યાગ કર્યો. આ વનના કઠણ દુઃખ વેઠયા, મારો વલોપાત જોઈ ભાઈ ઉભો થા. જો મને પહેલાથી જ આવી ખબર હોય તો પિતાજીના વચન માનત નહિ. આ જગતમાં સંતાનો પરીવારો, સંપતી, રહેઠાણ (મહેલ) એ જાય છે. અને ફરી આવે છે. જેમ આંખ વગરનું પંખી દિન–ગરીબ લાગે, મણી વગર સાપ શોભતો નથી. આવી મારી સ્થિતી છે. ચૌદ વરસ પછી અયોધ્યામાં હું શું મોઢું લઈને જાવ. જીવતો રાખે તો પણ લોકો તો એમ જ કહેશે કે નારી ના માટે ભાઈને ગુમાવ્યો. નારી તો વિરહ સહન થઈ શકે. જશ અપજશ સહન થઈ શકે.પણ તારો વિયોગ આ મારૂ કઠોર હૃદય કેમ સહન કરી શકશે??કેભાઈ તારી માતાનો પ્રાણ આધાર તું દિકરો છો. તારો હાથ જાલી વનમાં મારી સાથે પ્રેમથી મોકલ્યો છે. તો હું તારી જનેતાને શું જવાબ આપીશ ? તું મને શીખામણ આપ ભાઈ જાગ.... ઉભો થ જગતમાં ગુમાવ્યા પછી બધુ મળે છે. પરંતુ "મિલહિ ન સહોદર ભ્રાતા" પછી તો હનુમાનજી આવ્યા છે. ઉપચાર થયો છે. અનેલક્ષ્મણ બેઠા થયા કહેવાનું કે જગતમાં ભાઈ સમાન કોઈ હિતેચ્છું નથી. ભાઈ એટલે દુઃખ સુખ વહેચવાનું કામ છે.

॥ રામ તુરત મુનિવેર બનાઇ,ચલે જનક જનનિહિં શિર નાઈ ॥

અહૈતુક કૃપા

પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

(૫૪) કૃપા રામકી જાપર હોઈ

પેટતાં હું રોટલી કરવા લાગી. ભગવાન શાક સંભાળતા સંભાળતા રોટલી સેકતા જતા હતા. મને કહ્યું, "બડી બડી બના દો." રોટલી તૈયાર થતા પ્રથમ નન્નુ મહારાજ અને મહારાજજીને તેમના હાથમાં રોટલી આપી અને પોતે આજુબાજુના ઝાડમાંથી પાન વિણી દોના બનાવેલા તેમાં શાક આપી કહ્યું. "જાવ વો દૂર પેડ કે નીચે બૈઠકર ખા લો." પછી કર્યું. "લાવ અબ મઝે દો." ભગવાન પારદર્શક કાચના વાસણમાં ભોજન લેતા. ઝાડના થડને ટેકો દઈ ખૂબ પ્રસન્નતાથી ભેજન લીધું. છેલ્લે એક જ રોટલી વધી તે જોઈને કહ્યું, "અરે તુમારે લિયે તો કુછ બચા હી નહીં" મેં કહ્યું, " ભગવાન, ચલેગા બહુત ભૂખ નહીં હૈ." "અરે ઐસા નહીં યે આટા બચા હૈ ઉસકી ભાખરી બના દે." ભગવાનના આગ્રહથી ભાખરી બનાવી. હું વણતી હતી ત્યારે કહ્યું, ' 'મૈં સેકતા હું તુમ ભોજન કરો." ભગવાનની સામે પ્રથમ જ વાર જમતા સંકોચ થતો હતો. એક રોટલી એક ભાખરી જમ્યા બાદ બીજી ભાખરી માટે મેં ના કહેતાં કહ્યું, " ઠીક હૈ" કહી છેલ્લી ભાખરી બે હાથે પકડી આરામથી ઝાડનો ટેકો લઈ ખાવા લાગ્યા. શાક તો હતું નહીં. આવી ખબર હોત તો ચારે શાક પણ રહેવા દેત. એકલી ભાખરી શી રીતે ગળે ઉતરે ? એ મેં પૂછતા બોલ્યા, ' 'અરે ઈસમેં તે બહુત આનંદ આતા હૈ" બાજુથી ભાખરી જમી ગયેલા વચ્ચેનો ગોળ ટૂકડો મને આપતા કહ્યું, "લોયે પ્રસાદી તો ખાએંગી ના ?" આ રીતે લગભગ ૪૦-૪૫ મિનિટમાં તો બધું પતાવી ત્યાંથી રવાના પણ થઈ ગયા. લગભગ સાત સાડાસાતે ઉજજૈન શ્રી કુલચંદજીને ત્યાં પહોંચ્યાં. એકદમ સીધા, સરળ ભોળા, ભલા મારવાડી વૃદ્ધ દંપતિ હતા. કોઈ સંતાન નહીં. સાધારણ સ્થિતિથી એકલા રહેતાં. ત્યાં એક રૂમમાં રાત રોકાયા. આ બધા મારા માટે નવા વ્યકિત હતા. તેઓને મારે પરિચય કરાવ્યો આવી જગ્યાએ જતા પહેલાં ભગવાન રસ્તામાં જ જમવાનું પતાવી દેતા, ઘણી વખત એવું બનતું કે અનંતપુર જેવી જગ્યાએ જતા રસ્તામાં જ કહેતાં, "દેખો વહાં સંકોચ નહીં કરના અપના ઘર સમજકર જો ચાહિએ માંગ લેના." અને ઘણીવાર મોટ શહેરમાં કોઈ શ્રીમંતોને ત્યાં જતાં તો જુદી જુદી રીતે સુચન કરતા કે, " વહાં કુછ ભી લેના નહીં જે અપને પાસ હૈ ઉસીસે ચલા લેના" તેમજ કોઈ જગ્યાએ તો કોઈના ઘરમાં આવવા પણ ના કહેતા, "તુમ ગાડીમેં બૈઠે રહો મેં અભી જાકર આતા હું." કોઈ ગમે તેટલા શ્રીમંત હોય પણ પોતે
રામ ચલત અભિ ભયઉ બિષાદુ સુનિ
ન જાય પુર આરત નાદૂ।
સ્વમાન જાળવવાના આગ્રહી હતા. અર્થાત્

"આવ નહીં, આદર નહીં, નયનન નહીં સનેહ,
તુલસી તહાં ન જાઈયે, કંચન બરસે મેહ.'

તેનું પાલન કરતા અને કરાવતાં. સાંભળ્યું છે કે ઉપાસ્ય દેવના ગુણધર્મ ઉપાસકમાં ઉતરે છે તે હિસાબે આજે પણ જીવન એ જ રીતે ઘડાયું હોવાથી આ બધી બાબત જીવનમાં સહજ રીતે વણાયેલી છે.

શિતેફલાદી, મધ, મેંતીભસ્મ, પરવાલ ભસ્મ આવી ચડી દવાઓ નાની નાની બોટલમાં હતી. પેટી બંધ કરીને મને આપતાં કહ્યું, "રખેં મુઝે કોઈ ચીજ કી જરૂરત નહીં હૈ."

ખરેખર અનંતપુરથી નીકળ્યા ત્યારથી લગભગ પંદર દિવસ હું સાથે હતી તે દરમ્યાન નથી કોઈ દવા લીધી કે નથી ખાંસી ઉલ્ટી થઈ. ભગવાન જયારે જે ચાહે તે કરવાને સમર્થ છે. રોજ સવારે રસોઈ કરવા પહેલાં મને મારે નિયમ, પૂજા કરી લેવા કહેતા, "મૈં મદદ કરૂંગા પર તુમ નિયમ છેડના નહીં." આજ્ઞા પ્રમાણે હું છોડીવાર પણ માળા કરી લેતી. હવે તે જાણે રોજ ચકાસતા હોય એ રીતે દૂધ લેવા
રામ ચલે બન પ્રાણ ન જાહીં, કેહિ સુખ લગિ રહત તનુસાહી।
બાબતની તો વાત જ ન હતી અને કહેતા, "મુઝે તે દૂધસે ગેસ હોતે હૈ તુમ લોંગોકો ચાહિયે તો મંગવા લો." અમારા ત્રણમાંથી કોઈ ચા કોફી પીતા ન હોવાથી દૂધ લેતા નહીં. રોજ વૈષ્ણવદાસજી મહારાજજીને શાક લેવા મોકલતા અને રોજ બધાંને પૂછતાં, "તુમ્હેં કૂયા સબ્જી અચ્છી લગતી હૈ ?" અમે કહેતા, "ભગવાન આપકે જો અનુકૂલ હો આપ મંગવાઈયે હમેં સબ ચલેગા." છેવટે નનું મહારાજને પૂછતાં, તેઓ ઈચ્છા જણાવતાં કે, "બેના હમેં તો આલુ ચાહિએ." આ સાંભળી હસતાં અને કહેતા, "હાં વો ભાલુકો આલુકે બિના નહીં ચલતા વૈષ્ણવદાસજી મહારાજજીને પ્રેમથી ગુટ્ટુંજી કહેતા તેમને બોલાવી કહેતાં, "જાવ ગુકુંજ પત્તા ગોભી લે આવ ના ઉસમેં ગુણ હૈ ના અવગુણ હૈ ઔર આલુ જરૂર લાના."ભગવાનને બટેટાથી ગેસ થતો હોવાથી હું કહેતી, "ભગવાન આલૂકી સબ્યે અલગ બના દેંગી" તો કહેતા, "નહીં ચાર જનોં કે બીચમેં દો સબ્જી કયોં ? આલુકે બડે બડે ટુકડે કરના મેં બીન બીનકે નિકાલ દૂંગા." વૈષ્ણવદાસજી મહારાજજીને મારૂં બનાવેલું જમવાનું ચાલે નહીં પરંતુ ભગવાને કહેલું, "દેખો સબ્જી રમા બના દેગી ઉસમેં કૂયા હૈ ? ઔર રોટી રમા બોલેગી ફિર સેકના તુમ ફિર રમા હાથ નહીં લગાયેગી." આ રીતે એક સાથે એક જ સરખું બધાનું જમવાનું બનતું. દેવાસના પંદર દિવસના મુકામ દરમ્યાન એકવાર પણ બીજું શાક નહીં. સવાર-સાંજ એ જ કોબી, બટેટા. જો કે ભગવાનના સાનિધ્યમાં પરમાનંદમાં સમયનો કે ખાવા-પીવા વિગેરેનો કોઈ જ ખ્યાલ રહેતો નહીં પરંતુ જાણે ભગવાન અમને ચકાસતા હોય એ રીતે અને સાદું જીવન હોવુ જોઈએ એ બતાવવા માટે કે કોઈપણ કારણે પંદર દિવસ સુધી એક જ શાક જમ્યા. રોજ જમતી વખતે બટેટાના ટૂકડા કાઢી મને કહેતાં, "તુમ યે પ્રસાદી લે લેના." કોઈકવાર મગની દાળ બનાવવા કહેતા. ઘરની પધ્ધતિ પ્રમાણે દાળ ગળી જાય ત્યારે હળદર, મીઠું, ધાણાજીરૂં નાખતાં જઈ કહેતા, "અરે તુમ્હે કુછ નહીં આતા, ઈતની દેરસે હલ્દી ડાલતી હો તો હલ્દી કચ્ચી રહ જાયેગીના ? દેખે મેં સિખાતા હું. એક ઉફાલ આને પર હલ્દી, નમક છોડ દેના ચાહિએ "અને રોટલી પણ થોડી વધારે શેકાવતાં અને કહેતાં કે, "રેટી જલી હુઈ ઔર ચાવલ ગલે હુએ ખાનેસે અપચ નહીં હોતા. અધિકતર, તુમ લોગ સ્વાદ કો દેખતે હો લેકિન ઘાટીકે નીચે રામ ચલત લખિ અવધ અનાથા, બિકલ લોગ લગે સવ સાથા। ઉતરે ઔર માટી, જીવનકે લિયે ભોજન હોના ચાહિયે, ન કિ ભોજન કે લિયે જીવન.

એક દિવસ મેં વાળ ધોયેલા તો પૂછયું, "રમા તુમ કિસસે બાલ છોતી હૈં ?" મેં કહ્યું, "ભગવાન જબ જેસાબુન મિલ જાતા હૈ ઉસીસે" ત્યારે કહ્યું, "દેખો આંવલેસે ધોયા કરો." જાણે સાબુ ઉપયોગમાં લેવા ના જણાવતાં હોય તેમ લાગ્યું કારણ તે વખતે ભગવાન સાબુનો ઉપયોગ કરતા નહીં. શૌચ જઈને પણ માટીથી હાથ ધોતા. બને તેટલું કેમ વધુ સાદું જીવન જીવવું તે શીખવતા હતા.

મોટાભાઈના બાબાનું નામ રાશિ પરથી પ્રશાંત હતું. પરંતુ તે ખૂબ જ જિદ્દી સ્વભાવનો હોવાથી બે વર્ષની ઉંમરમાં જ તેનું ધાર્યું ન થતાં ગુસ્સાથી જમીનમાં માથા પછાડતો. આ વર્તનથી ભાભી ઘણું ચિંતીત રહેતા. જયપુરથી હું નીકળી ત્યારે તેઓ ત્યાં હોવાથી તેમણે મને કહેલું ભગવાનને આ વાત કરે. ભગવાન પ્રશાંતનું નામ બદલી બીજું કાંઈ નામ આપે તે જ આને સ્વભાવ સુધરશે એવું મને લાગે છે. આ હકીકત ભગવાનને જણાવતાં થોડીવાર વિચારી તેનું નામ સતીષ રાખવા કહ્યું અને ખરેખર ત્યાર પછી તેનું વર્તન શાંત બની બદલાઈ ગયું.

આનંદથી દિવસે પસાર થતાં ૧૨ જાન્યુઆરી મારો દીક્ષા દિવસ નજીક આવતે હોવાથી કહ્યું, "ઉસ દિન ઈન્દોરસે ગોરધનકો ભોજનકે લિયે બુલાયેંગે ઔર બતાઓ કૂયા બનાયેંગે ?" મેં કહ્યું, "જો આપે કહેંગે." નહીં તુમ્હે કૂયા અચ્છા લગતા હૈ ? હલ્વા પુરી બનાએંગે તે ઘી ચાહિએ ઔર ઘી લેને અનંતપુર જાના પડેગા." મેં કહ્યું, "તો ખીર પુરી બનાયેંગે." ભગવાનને અનંતપુર જવાની ઈચ્છા હશે તેથી કહ્યું, "પુડીમેં ભી ઘી તો લગેગા હી. ઠીક હૈ અનંતપુર હો આતે હૈ." તે દિવસે ગોરધનભાઈ તથા તેમના બનેવી આવેલા. તે લોકો અવારનવાર આવતા રહેતા. સાંજનો સમય હતો. અચાનક જ અનંતપુર જવાની તૈયારી કરી. ગોરધનભાઈ ગાડી ચલાવતા હતા. તેમની બાજુમાં તેમના બનેવી બેઠા હતા. વૈષ્ણવદાસજી મહારાજજીને કહેલ, "દો દિન યહાં રહ કર ભજન કરે. હમ હો આતે હૈ" તેથી તેઓ દેવાસ રોકાયા હતા. રાતના લગભગ બે અઢી વાગ્યા હશે. જંજાલીના જંગલમાંથી ગાડી પસાર થતી વખતે રસ્તામાં વાઘ મળે. હું સુઈ ગયેલી ઠંડી પણ ઘણી

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૦૩૩૫ (નિવૃત ડેઇલી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઇ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

" કવિતાની કેડીએ ચાલતા થાક લાગ્યો મને થોડામાં ઘણું લખ્યું છે સમજાયું છે તને "

સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

આપણી ભારતીય સંસ્કૃતી મહાન ઋષિઓની ભેટ છે દરેક તહેવાર જીવન ઉલ્લાસ આનંદ અને જીવનને વધુ ખુશ રાખવા સાર્થક બનાવવા સંદેશ આપે છે. ઉત્તરાયણનો તહેવાર અત્યંત પ્રોક મહાન સંદેશ આપે છે. વિશ્વ આજે યુધ્ધ તરફ ધસી રહ્યું છે. ત્યારે સૌને સદ્‌બુધ્ધિ, સૌનું કલ્યાણ પ્રેરક આ તહેવાર અરપરસના સંબંધોમાં મધુરત ઉમેરવા સંદેશ આપે છે. જીવનમાં સુખદુ:ખનાં પ્રસંગો આવે છે. ત્યારે તલ ગોળની મીઠાઈ પ્રેમમાં સ્નેહનનું કામ કરે છે. હૃદયનો પ્રેમ લાગણી શુભરેછા ભરી સુગંધ સંબંધોને મહેકાવે છે. તહેવારોની પાછળ એક વિજ્ઞાન પણ રહેલું છે ચીલા ચાલુ જીવનથી કંટાળી ન જવાય અને ઉલ્લાસ આનંદ મહેંકતો રહે તે માટે દરેક તહેવારો ગોઠવાયા છે. જીવનનો પતંગ સ્થિર રહે વધુને વધુ ઉંચે ચડે અને ગગન ગામી બને તે માટે સૌએ અંદર અંતરમાં ડૂબકી લગાવવી અને એ માટે તમે તૈયારી કરો એ આજનો સંદેશ છે.

શું કરવું ? આપણે આપણા અભિપ્રાયો તટસ્થ રાખવા જીવતા ન આવડે તો જાહોજલાલ છે જિંદગી.

જીવતા ન આવડે તો પાયમાલ છે જિંદગી.

એક સત્ય ઘરના વાંચો : વાર્તાનો સાર લખું. આપણે મોટાભાગે અન્ય વિશે ખોટું વિચારતા હોઈએ છીએ એક બહેન એકવાર ઘરે જતા હતા. અચાનક લાઈટ જતી રહી. બહેનને ડર લાગ્યો કે. શું કરવું ? અખબારોમાં રોજ લૂંટવાની... વગેરે ઘટનાઓ વાંચી હતી. ઘર હજી ઘણું દૂર છે. રસ્તો સુમસામ, ખાલી છે. બહેને ચાલવાની ઝડપ વધારી બાજુના રસ્તા ઉપરથી એક માણસ આ બહેનની પાછળ ચાલવા લાગ્યો. બહેનને લાગ્યું કે પેલા માણસ તેનો પીછો કરે છે. પેલો માણસ ચારે તરફ જોતો હતો અને તેને પણ ઝડપ વધારી હતી. બહેનનો ડર વધી ગયો. થોડીવારમાં પેલો માણસ બહેનની લગોલગ ચાલવા લાગ્યો. અને કહ્યું બહેન ડરશો નહિ. આ રસ્તે ઘણીવાર લૂંટના બનાવો બને છે. લાઈન ન આવે ત્યાં સુધી હું તમારી સાથે છું. અને કહેશો તો ઘર સુધી આવીશ. અને પેલા ભાઈ બહેનના ઘર સુધી મૂકવા આવ્યા બહેનના મનમાં આ અજાણ્યા માણસ માટેના ઘણા વિચારો આવી ગયા હતા. આપણે ઘણીવાર બીજા માટે ખોટા ખ્યાલોથી સંબંધમાં મધુરતાને બદલે કડવાશ ઉમેરીએ છીએ.

સમાજમાં ખૂબ સારા માણસો પણ છે આપણે ધારેલા બનાવો, વાંચેલી ઘટનાઓ વિશે તટસ્થતાથી વિચારવું સંઘર્ષથી બચી શકાય છે.સમગ્ર વિશ્વ એક કુંટુંબ છે. સૌની પ્રત્યે પ્રેમભાવ રાખી. સંબંધોની ફીરકીમાં લાગણીનો દર વીંટવાનો છે. દોર તૂટે નહિ તે માટે ક્ષમા, જતું કરવું. બાંધછોડ વગેરે રંગો ચડાવતા જવા. સંબંધનો દોર તૂટે નહિ તે માટે કાળજી રાખવી. જીવન એક ઉત્સવ બનશે. ગમે તેટલો નાનો માણસ હોય તો પણ કદી અપમાન કરવું નહિ. એક સત્ય ઘટના બીજા વિશ્વ યુધ્ધમાં જર્મની ઉપર ચડાઈ કરનાર મુખ્ય માણસ અમેરિકાના આઈઝમ હોવર હતા. યુધ્ધ ચરમ સીમાએ પહોંચ્યું હતું. ત્યારે પેટન નામનો લશ્કરી અફસર કે જેની નીચે હજારો સૈનિકો હતા. તે મિલીટરીની હોસ્પિટલમાં ઘાયલ સૈનિકોની સ્થિતિ જાણવા ગયા હતા. એક સૈનિકને જોઈ પૂછયું. તમેં અહીં કેમ છો ? સૈનિકે કહ્યું. મને બહુ બીક લાગે છે. પેટને તુર્તજ તેને જોરથી તમાચો માર્યો અને કહ્યું આ હોસ્પિટલ તારા માટે નથી. આ વખતે ડોકટર્સ નર્સ વગેરે હતા. પરંતુ આ લશ્કરી વડાને કંઈ કહેવાની કોઈને હિંમત ન હતી. પરંતુ ખબર પત્રીઓ દ્વારા આ સમાચાર આઈઝન હોવરને મળ્યા. સલાહકારોએ કહ્યું કે યુધ્ધના મહત્વના તબકકે ઠપકો આપવો યોગ્ય નથી. પેટન યુધ્ધનો નિષ્ણાંત હતો. કોધી અને હઠીલો હતો. તે કદાચ રાજીનામું આપી દે. તેમણે કહ્યું હતું કે, એક સપાહીને લાફો માર્યો તેમાં શું થઈ ગયું. હું માફી નહિ માંગુ આઈઝન હોવરે કહ્યું તે એક સિપાઈ માત્ર નથી. અમેરિક નાગરિક છે. અમેરિકાનો ગમે તેવો મોટો માણસ નાગરિકનું અપમાન કરી શકે નહિ. કોઈ વ્યકિત લાફો મારી શકે નહીં આઈઝન હોવરે બધા ડોકટર નર્સીંગ સ્ટાફ વચ્ચે પેટન પાસે માફી મંગાવી. આપણા નાગરિકોનું સન્માન ગૌરવ સચવાયું જોઈએ એ સાચી લોકશાહી છે.મહાભારતના યુધ્ધમાં શ્રીકૃષ્ણે ટિરોડીનાં ઈંડાં સાચવ્યા હતા. આ મહાન સંદેશ છે. મહાભારતનો મર્મ આ છે. કે નિર્દોષને સજા નહિ. ગુનેગારને માફ નહિ.

તહેવારોની સાચી ઉજવણી પ્રેમ, લાગણી સંબંધોને વધુને વધુ મજબુત બનાવે લે છે. વૈજ્ઞાનિકોએ પૂરવાર કર્યું છે કે નિરાશા, પીડા દૂર કરવાનું અમોધ શસ્ત્ર આપણી પાસે છે. ક્ષમા, દયા, પ્રેમ કરૂણા, વિાસની ઉર્જા વધારવા તહેવારો જીવનને આનંદ ઉલ્લાસથી ભરી દે છે. સાચી ઉજવણી કોષ્ઠ પરિણામ લાવશે.

'સમજણ એ જ નારાયણ'

"મંત્ર માફક લ્યો ગઝલ જન્મી અલૌકિક એ રીતે, શબ્દની દીવાસળી જ્યાં લાગણી સાથે ઘસી"

- અશોકપુરી ગોસ્વામી

યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૯૪ - અમરેલી

ગઝલ એ કવિતાનો ખૂબ જ લોકપ્રિય અને લોકભોગ્ય પ્રકાર રહ્યો છે ઈ.સ. છઠી સદીની આસપાસ અરેબીક રચનાઓમાં તેના મૂળ સમાયા હોવાનું માનવામાં આવે છે. ભારતમાં ગઝલનો પ્રાર્દુભાવ પ્રચાર અને પ્રસાર ૧૨મી સદીમાં અહીંના સાશક બાદશાહો અને તે સમયના સૂફી સંતોના પ્રયાસોના આધારે થયો હોવાનું મનાય છે. આમ જોઈએ તો મુળભૂત પર્શિયન અને ઉર્દુ કવિતાનો જ એક પ્રકાર એવી ગઝલ આજે ભારતીય ભાષાઓની કવિતાનો આધાર સ્તંભ કે કેન્દ્રબિંદુ બની ગયેલ છે ! શેર એ ગઝલનું હાર્દ છે. આખી ગઝલનું એ નવનીત છે, માત્ર બે જ પંકિતનો શેર ઘણી બધી ઉર્મિઓની અભિવ્યકિત પ્રગટ કરવા સક્ષમ હોય છે ! રદીફ (બીજી પંકિતનાં અંતભાગમાં પુનરાવર્તિત થતો શબ્દ) કાફીયા (ગઝલનાં દરેક શેરની બીજી પંકિતના અંતે આવતો રદીફ પહેલાનાં પ્રાસ વાળો શબ્દ) મત્લા (ગઝલનાં પહેલા શેરની બંને પંકિતઓમાં અંતે રદીફ હોય છે. એ જ શે'ર ગઝલનો મત્લા કહેવાય છે.) મકતા (ગઝલનો છેલ્લો શેર જેમાં શાયરનું તખલ્લુસ) (નામ, ઉપનામ) સામેલ હોય છે. જેવા અંગો ધરાવતી ગઝલ એ દરેક ભાષા અને તેનાં સાહિત્યનું મૂલ્યવાન ઘરેણું ગણાતી આવી છે, એવું કહેવાય છે કે, અરબસ્તાનમાં ગઝલ નામે એક હરણની જાતિ થાય છે, તે કંટાળી વાડમાં ફસાઈ જતાં તે વેદનારૂપે જે ચિત્કાર કરે છે, એવી જ ઘટના જે તેનો સર્જક, વાંચક કે ભાવન અનુભવતો હોય છે, આવી વેદનાને વાચા આપતી કવિતા એ જ 'ગઝલ' ગઝલો કાયમ મુશાયશાઓની શોભા અને ગરિમા રહી છે ! દરેક ભાષાનો એવા વિશાળ ચાહક વર્ગ હોય છે, જે ગઝલોને ખૂબ જ ચાહે છે અને નવાજે છે અનુભૂતિઓની અભિવ્યકિતનું શ્રેષ્ઠ અને ખૂબ જ પસંદગી પામેલું ખોબે ખોબે વધાવાયેલું માધ્યમ એવી ગઝલોનો મહિમા અપરંપાર રહ્યો છે, ગઝલો કાયમ શાતા ઝંખતા હદયો માટે પરબ બનીને રહી છે, ત્યારે ઋષિ કવિ રાજેન્દ્ર શુકલજીનાં થોડાં જ ગઝલ અંગેના શેર ટાંકુ તો :" ગૂંથાઈ ગાણે ગઝલ કહું છે, તરજ તરાણે ગઝલ કહું છું ! બધું યે જાણી અને એ બેઠાં, હું તો અજાણે ગઝલ કહું છું ! ગઝલ કહેવી નથી સરળ કે, ચડી સરાણે ગઝલ કહું છું !ભર્યા બજારે ન કે જ લાધ્યું, વગર હટાણે ગઝલ કહું છું !સમય પ્રમાણે રહું છું. સાવધ, હું કયાં કટાણે ગઝલ કહું છું !ગુનો અમારો કબુલ અમને, લે જાવ થાણે ગઝલ કહું છું !તમે કહ્યું દુખ્યાન નથી ભડાકા, ભરેલ ભાણે ગઝલ કહું છું !" **નવનીત:**"આ ગઝલ આપણાં જીવન તાંદુલ,પોટલી શરમ મેલી ખોલી નાખ"**– મનોજ ખંડેરીયા**

ધ સિક્રેટ : બ્રહ્માંડના અક્ષયપાત્રમાંથી તમારા હકની ખુશીઓ મેળવતા શીખો !

તમારૂં મન એક રેડિયો સ્ટેશન જેવું છે. તમે જે ફીકવન્સી પર વિચારોના તરંગો સેટ કરશો, જિંદગીમાં એ જ પ્રકારના ગીતો વાગશે.જો તમે ફરિયાદોના સ્ટેશન પર હશો તો અશાંતિ મળશે, અને જો કૃતજ્ઞતાના સ્ટેશન પર હશો તો સુખનો સંગીત રેલાશે.

ઘણીવાર આપણે રાત્રે આકાશમાં તારા જોઈએ છીએ અને વિચાર કરીએ છીએ કે આ વિશાળ બ્રહ્માંડમાં આપણું અસ્તિત્વ શું છે ? રોન્ડા બર્નનું પુસ્તક' The Secret (ધ સિક્રેટ) કહે છે – તમે માત્ર આ બ્રહ્માંડનો હિસ્સો નથી, તમે આ બ્રહ્માંડના સર્જક છો. આ પુસ્તક જે રહસ્ય પરથી પડદો ઉઠાવે છે તે છે ' Law of Attraction' એટલે કે આકર્ષણનો નિયમ.

આ નિયમ વિશે ગની દહીંવાલાનો એક સુંદર શેર યાદ કરવા જેવો છે : 'તમારી યાદના લશ્કરને રોકી કોણ શકવાનું ? હૃદયના કિલ્લાના દરવાજા તો ખુલ્લા જ હોય છે.– ગની દહીંવાલા.

આપણા વિચારો પણ એવા જ લશ્કર જેવા છે. જો નકારાત્મક વિચારોનું લશ્કર પ્રવેશ શે તો જિંદગી વેરાન થઈ જશે, પણ જો હકારાત્મક વિચારો હશે તો જિંદગી નંદનવન બનશે.મહાનુભાવોના જીવનમાં 'ધ સિક્રેટ' આ નિયમ માત્ર પુસ્તકોમાં જ નથી, ભારતના મહાન સપૂતોએ તેને જીવીને બતાવ્યો છે :

ડો. એ.પી.જે. અબ્દુલ કલામ : સપના જોવાની શકિત, ડો. કલામ હંમેશા કહેતા, 'સપના એ નથી જે તમે ઊંઘમાં જુઓ છો, સપના એ છે જે તમને ઊંઘવા નથી દેતા.'રામે રમના એક સાધારણ પરિવારમાં જન્મેલા બાળકે જયારે આકાશમાં પક્ષીઓને ઉડતા જોયા, ત્યારે જ તેમણે મનથી નક્કી કરી લીધું હતું કે તેઓ આકાશને આંબશે. આ 'સિક્રેટ' જ હતું કે એક અખબાર વેચનાર છોકરો ભારતનો 'મિસાઈલ મેન' અને રાષ્ટ્રપતિ બન્યો. તેમણે બ્રહ્માંડમાં પોતાની ઈચ્છા છોડી હતી અને આખું જીવન એ જ ફીકવન્સી પર જીવ્યા.

સચિન તેંડુલકર : વિઝ્યુલાઈઝેશનનો જાદુ ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરે સ્વીકાર્યું છે કે તેઓ મેદાન પર ઉતરતા પહેલા જ મેદાનમાં રમાનારા શાટ્સને પોતાના મનમાં જોતા હતા. આને જ 'ધ સિક્રેટ'ની ભાષામાં' વિઝ્યુલાઈઝેશન' કહેવાય છે. સચિન કહેતા કે, 'મેં વર્ષો સુધી મારા મનમાં વર્લ્ડ કપ ઉઠાવ્યો હતો, એટલે જ ૨૦૧૧માં તે વાસ્તવિકતા બની. 'તેઓ મેચ રમાય તે પહેલા જ મનથી જીતી લેતા હતા.

અમિતાભ બચ્ચન : રાખમાંથી સર્જન, વર્ષ ૨૦૦૦ની આસપાસ અમિતાભ બચ્ચન આર્થિક રીતે દેવાળિયા થઈ ગયા હતા. તેમની પાસે કંઈ જ નહોતું. પણ તેમણે હાર સ્વીકારવાને બદલે હકારાત્મકતા પકડી રાખી. તેમણે 'ધ સિક્રેટ' ના સિદ્ધાંત મુજબ ફરીથી 'માંગવાનું' શરૂ કર્યું (કેબીસી દ્વારા) અને અડગ શ્રદ્ધા રાખી. આજે તેઓ જે શિખર પર છે, તે સાબિત કરે છે કે જો તમે મનથી હાર ન માનો, તો બ્રહ્માંડ તમને ફરીથી બેઠા કરી શકે છે.

સફળતાના ત્રણ અનિવાર્ય પગથિયાં : ૧.માંગો (અતસ) : કવિ બેફામની પંકિતઓ અહીં સચોટ બેસે છે : 'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.'બેફામ' તમારે જે જોઈએ છે તેની સ્પષ્ટ માંગણી કરો. અસ્પષ્ટ વિચારો કયારેય સ્પષ્ટ પરિણામ નથી આપતા.

૨. અતૂટ શ્રદ્ધા (Believe) : માંગ્યા પછી શંકા એ ઉર્જાનો અવરોધ છે. કવિ કલાપીએ લખ્યું છે : 'શ્રદ્ધા જ પુરાવો છે ઈશ્વરની હયાતીનો, નહીંતર આ જગતમાં કોઈ કોઈનું કયાં છે ? –

કવિ કલાપી : જયારે તમે વિશ્વાસ રાખો છો કે 'આ મારૂં જ છે, 'ત્યારે કુદરત રસ્તાઓ ખોલવા માંડે છે.

૩. કૃતજ્ઞતા : આભારની જાદુઈ શકિત (Gratitude) : જે માણસ પાસે જે છે તેનો આભાર માને છે, તેને કુદરત વધુ આપે છે. સૈયદ મુસાફિર પાલનપુરીનો એક શેર છે :

'ફરિયાદ કયાં કરૂં કે અહીં કોઈ સાંભળે,
સંજોગો બદલાય તો માણસ પણ બદલાય.

મુસાફિર પાલનપુરી : સંજોગો ત્યારે જ બદલાશે જયારે તમે ફરિયાદ કરવાનું છોડીને આભાર માનવાનું શરૂ કરશો. સવારે ઉઠીને માત્ર આટલું બોલો 'હે ઈશ્વર, આ સુંદર જીવન માટે તારો આભાર.

સાયબર ફોડ અને ભયનું વિજ્ઞાન : આપણે ઘણીવાર ડરના કારણે નકારાત્મકતાને આકર્ષીએ છીએ. જે વ્યકિત હંમેશા 'હું છેતરાઈ જઈશ તો ? ' એવા ડરમાં જીવે છે, તે અજાણતા જ એવી ઉર્જા છોડે છે જે તેને મુસીબતમાં મૂકે છે. ' ધ સિક્રેટ' કહે છે કે તમારા ડરને ડર આપવાને બદલે જાગૃતિ અને આત્મવિશ્વાસને પોષણ આપો. મન શાંત હશે તો કોઈ પણ સાયબર ઠગ તમારી બુદ્ધિને હંફાવી નહીં શકે. બ્રહ્માંડમાં કશાની અછત નથી. જે રીતે સૂર્ય દરેકના આંગણે તડકો મોકલે છે, તેમ કુદરત દરેકના જીવનમાં સુખ મોકલવા માંગે છે. બસ, આપણે આપણી માનસિક બારી ખોલવાની જરૂર છે.

આજ નું સૂત્ર:– તમારૂં મન એ ઈશ્વરનું ગૂગલ (Google) છે. તમે જે 'સર્ચ' કરશો, એના જ પરિણામો દેખાશે. 'શા માટે હું જ ? ' (Why me?) સર્ચ કરવાનું છોડીને 'મારે શું જોઈએ છે ? ' (What do I want?) સર્ચ કરો. સર્ચ ટર્મ બદલાશે, એટલે જીવનનું રિઝલ્ટ પેજ આપો આપ બદલાઈ જશે !

તસ્વીર સૌજન્ય :– સાર્થક મહેતા

અમરેલી જિલ્લામાં મહારાષ્ટ્રની મોસંબીનો સફળ પાક : પ્રાકૃતિક ખેતીથી લાખોની આવક

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લો હવે માત્ર પરંપરાગત ખેતી પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ પ્રગતિશીલ ખેડૂતોના પ્રયાસોથી બાગાયતી પાકોમાં પણ નવી સિદ્ધિઓ મેળવી રહ્યો છે. ખાસ કરીને પ્રાકૃતિક ખેતી અપનાવી ખેડૂતો ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે. આવી જ એક પ્રેરણાદાયક સફળ કહાણી અમરેલી તાલુકાના સરંભડા ગામના પ્રગતિશીલ ખેડૂત નારણભાઈ સોજીત્રાની છે, જેમણે મહારાષ્ટ્રમાં લોકપ્રિય મોસંબી (સ્વીટ લાઈમ)નો બગીચો અમરેલી જિલ્લામાં સફળતાપૂર્વક વિકસાવ્યો છે.નારણભાઈ સોજીત્રાએ ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે અને હાલ તેઓ ૬ વીઘા જમીનમાં મોસંબીનો વિશાળ બગીચો સંચાલિત કરે છે. પરંપરાગત પાકોની સાથે નવી દિશામાં વિચાર કરી તેમણે બાગાયતી ખેતી તરફ વળવાનો નિર્ણય લીધો હતો. આજે તેમનો મોસંબીનો બગીચો સોળ કળાએ ખીલ્યો છે અને જિલ્લાભરમાં આ પ્રકારનો પહેલો બગીચો હોવાનું ગૌરવ તેમને પ્રાપ્ત થયું છે.

નારણભાઈ જણાવે છે કે મોસંબીના પાકમાં વર્ષ દરમિયાન બે સિઝનમાં ઉત્પાદન મળે છે. એક સિઝનમાં આશરે ૨૦૦ મણ અને બંને સિઝન મળીને કુલ ૪૦૦ મણ જેટલું ઉત્પાદન થાય છે. હાલ મોસંબીનું ઉત્પાદન શરૂ થઈ ગયું છે અને પાકની ગુણવત્તા પણ ઉત્તમ જોવા મળી રહી છે. એક મોસંબીનું વજન અંદાજે ૩૦૦ ગ્રામથી ૫૦૦ ગ્રામ સુધી હોય છે, જયારે એક છોડમાંથી સરેરાશ ૬૦ થી ૭૦ કિલોગ્રામ જેટલું ઉત્પાદન મળે છે.

આ મોસંબીનું વેચાણ અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મોટા શહેરોમાં કરવામાં આવે છે, જયાં ૨૦ કિલોગ્રામ દીઠ આશરે ૧૦૦૦ રૂપિયાનો ભાવ મળે છે. યોગ્ય ભાવ મળ

દામનગર તથા ધામેલ ગામે આવેલા શિવ મંદિરોમાં ધૂન, મહા આરતી અને પૂજાઅર્ચના જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા

ગુજરાતની આસ્થાનો અને આત્મગૌરવનો પ્રતીક એવા ‘ સોમનાથ સ્વાભિમાન પર્વ’ના પાવન અવસર નિમિત્તે લાઠી–બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનક તળાવિયાએ દામનગર શહેરમા વૈજનાથ મહાદેવ મંદીર ખાતે તેમજ ધામેલ ગામે આવેલ શિવ મંદિરોમાં ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમોમાં ભાવભેર ભાગ લીધો હતો. આ અવસરે ધારાસભ્ય જનક તળાવિયાના શુભ હસ્તે વિધિવત ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાન શિવની મહા આરતી, પૂજાઅર્ચના, શિવ ધૂન અને અન્ય ધાર્મિક વિધિઓ સંપન્ન કરવામાં આવી હતી. મંદિર પરિસર ભક્તિભાવથી છલકાઈ ઉઠયો હતો અને ‘હર હર મહાદેવ’ ના જયઘોષથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બની ગયું હતું. ધારાસભ્ય જનક તળાવિયાએ ભગવાન શિવ સમક્ષ રાજય,પ્રદેશ તથા સમગ્ર દેશની સુખ–સમૃધ્ધિ, શાંતિ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ભકતો, સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો, યુવાનો તથા મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ મળીને સોમનાથ સ્વાભિમાન પર્વની મહત્તાને ઉજાગર કરી હતી. આ અવસરે ધારાસભ્યએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વએ આપણા રાષ્ટ્રના ઈતિહાસ, સંસ્કૃતિ અને આત્મસન્માનનું પ્રતિક છે. આવા ધાર્મિક કાર્યક્રમો સમાજમાં સંસ્કાર, એકતા અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. આપણી સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખવી અને આગામી પેઢી સુધી પહોંચાડવીએ આપણી સૌની ફરજ છે. કાર્યક્રમના અંતે ભકતો માટે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો. દામનગર તથા ધામેલ ગામના નાગરિકોમાં આ ધાર્મિક આયોજનને લઈ ઉત્સાહ અને હર્ષની લાગણી જોવા મળી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

કોંગ્રેસ દ્વારા ‘‘મનરેગા બચાવો’’

શબ્દોમાં નિંદા કરીએ છીએ. નવો કાયદાનો સુધારો ભારત દેશ અને ગુજરાતના ગ્રામીણ ગરીબો, ખેડૂતો, ભૂમિહીન મજૂરો, મહિલા કામદારો, દલિત અને આદિવાસી સમુદાયો સાથે દગો છે. દુષ્કાળ, પૂર, આદિવાસી વિસ્તાર, શ્રમિકો માટે આર્થિક મુશ્કેલીઓમાં મનરેગાને જીવનરેખા સમાન હતી. કોંગ્રેસે આ કાયદાના સુધારા વિરૂધ્ધ દેશવ્યાપી ‘મનરેગા બચાઓ’ કાર્યક્રમની ઘોષણા કરી છે. આ નવો કાયદો મનરેગાને ખતમ કરવાનું કાવતરૂં છે અને તેને તાત્કાલિક પાછો ખેંચીને મનરેગાને અધિકાર આધારિત કાનૂન તરીકે પુનઃસ્થાપિત કરવો જોઈએ. નવા કાયદામાં ‘વીબી’ નો અર્થ ‘વિકસિત ભારત’ નહીં પરંતુ ‘વિનાશ ભારત’ છે અને ‘જી’ નો અર્થ ‘કેન્દ્રીકરણની ગેરંટી’ છે. જેમાં રાજય સરકારોની સંમતિ વિના ૬૦:૪૦ ફંડિંગ રેશિયો નક્કી કરવોએ બંધારણના અનુચ્છેદ ૨૫૮નું ઉલ્લંઘન છે અને આ કાયદાની વૈધતાને ન્યાયાલયમાં પડકારવામાં આવશે. મનરેગા ૨૦૦૫માં સર્વસંમતિથી પસાર થયો હતો, જેનો ઠરાવ સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યો હતો અને તે સમયે સમિતિના અધ્યક્ષ ભાજપના કલ્યાણ સિંહ હતા. તેમની ભલામણો સ્વીકારીને જ કાયદો અમલમાં મૂકાયો હતો. પરંતુ બીજેપીએ તેને જ નાબૂદ કરી દીધો છે. નવા કાયદા પ્રમાણે ‘રોજગાર’ હવે અધિકાર નથી, સરકારની મરજી પર નિર્ભર થઈ ગયો છે. ગ્રામ સભા અને પંચાયતોની સત્તા છીનવી લઈને બધું નિર્ણય દિલ્હીમાં કેન્દ્રિત કરી દીધું છે. પંચાયતો માત્ર કલાર્ક બની જશે. બજેટની મર્યાદા અને નોર્મેટિવ એલોકેશનને કારણે ફંડ ખતમ થતાં કામ બંધ થઈ જશે. મોઘવારી સાથે જોડાયેલી નિશ્ચિત મજૂરી ખતમ કરી દીધી છે.

ખેતીની પીક સીઝનમાં ૬૦ દિવસ કામ નહીં મળે જયારે ગામડાઓમાં સૌથી વધુ મુશ્કેલી હોય. ત્યારે સરકાર કામ આપવાથી ના પાડી શકશે. બાયોમેટ્રિકસને પારદર્શિતાના બદલે બહિષ્કારનું હથિયાર બનાવવામાં આવ્યું છે, જેથી ગરીબ અને ઓછા શિક્ષિત મજૂરો રોજગારથી વંચિત રહેશે. કેન્દ્રે મજૂરીમાં ૧૦૦%થી ઘટાડીને ૬૦% કરી દીધું છે, જેથી ગુજરાત સહિતના રાજયો પર ભારે આર્થિક બોજ પડશે. મહાત્મા ગાંધીજીનું નામ હટાવી મોટું અપમાન કર્યું છે. ભાજપ ૧૨૫ દિવસની ગેરંટીનો દાવો કરે છે, પરંતુ ઓછા કેન્દ્રીય ભંડોળને કારણે વાસ્તવમાં ઓછા દિવસોનું કામ મળશે, જેથી બેરોજગારી, પલાયન અને ગામડાંની અર્થવ્યવસ્થા નબળી પડશે.

‘મનરેગા બચાવો આંદોલન’ દિલ્હી–કેન્દ્રિત નહીં, પરંતુ પંચાયત, બ્લોક, જિલ્લા અને રાજય સ્તરે લડવામાં આવશે. સમગ્ર દેશ અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ ગ્રામીણ જનતાની સાથે ખભે ખભો મિલાવીને લડીશું. કોંગ્રેસ પક્ષની માંગ છે કે, કામના અધિકાર અને પંચાયતી રાજનું રક્ષણ કરવામાં આવે. મનરેગાએ દાન નથી પરંતુ બંધારણીય અધિકાર છે. કોંગ્રેસ ગરીબો–શ્રમિકો માટે મક્કમતાથી કેન્દ્ર સરકારની નિતિ સામે લડીશું, ગુજરાત માટે, ગ્રામીણ ભારત માટે, ન્યાય માટે!

વડોદરા સર્કિટ હાઉસ ખાતે રાખેલ આ પ્રેસ આ વાર્તાલાપમાં વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, જિલ્લા પ્રમુખ જયપાલસિંહ પઢિયાર, વિપક્ષ નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્ત, પ્રદેશ ઉપપ્રમુખ ભીખાભાઈ રબારી, પ્રદેશ પ્રવકતા નિશાંત રાવલ, મહિલા પ્રમુખ,ફન્ટલ સેલના પ્રમુખો, એનએસયુઆઈના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીથી કાંકચ સુધીનાં

મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,અમરેલી થી લીલીયા વચ્ચે સ્ટેટ હાઈ–વેના વાઈડિંગ તથા રોડ પહોળા કરવાની કામગીરી ચાલુ છે. જે બે પેકેજ હેઠળ કરવામાં આવી રહી છે.

પેકેજ–૧ અંતર્ગત અમરેલીથી અંદાજે ૬ કી.મી. લાલાવદર સુધીની કામગીરી એક એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં ગુજરાત રાજય મુખ્યમંત્રી દ્વારા ખાતમુર્હૂત પણ કરવામાં આવેલ હતું. આ કામને અઢી વર્ષથી વધુ સમય પસાર થવા છતાં આજદિન સુધી પૂર્ણ કરવામાં આવેલ નથી. રોડ પર રાખવામાં આવેલ ડ્રાયવજનના કારણે છેલ્લા અઢી વર્ષથી સ્થાનિક લોકો ધૂળ, આરોગ્યની સમસ્યઓ તથા ભારે અસુવિધાનો સામનો કરી રહયા છે. વધુમાં, રોડ સેફટીના નિયમો મુજબ ડ્રાયવજનનું સંચાલન કરવામાં આવેલ નથી. અને કામગીરી પણ નિયમોનુસાર થતી નથી.

પેકેજ–૨ અંતર્ગત લાલાવદર થી લીલીયા સુધી બ્રિજ તથા સી.સી.રોડની કામગીરી ચાલી રહી છે. જેમાં પણ જરૂરી રોડ સેફટી વ્યવસ્થાઓ જાળવવામાં આવતી નથી. પરિણામે વાહનચાલકો, રાહદારીઓ તથા વિદ્યાર્થીઓને ગંભીર જોખમ ઉભું થયું છે. અને અકસ્માતો તેમજ મૃત્યુના બનાવો પણ બનેલ હોવાનું જાણવા મળે છે. આ બંન્ને પેકેજની કામગીરી સરકારની માર્ગદર્શિકાઓ તથા નીતિ–નિયમો મુજબ થતી નથી. કામો લાંબા સમયથી અધુરા છે અને તેમની નિર્ધારિત સમયમર્યાદા કરતા ઘણો વધુ સમય વીતી ગયો હોવા છતાં પણ પૂર્ણ કરવામાં આવ્યા નથી. જેના કારણે લોકોને ધુળ, ટ્રાફિક તથા અકસ્માત/ દુર્ઘટનાનો સતત સામનો કરવો પડે છે. તેમ છતાં આ કામગીરી કરનાર એજન્સીઓ સામે આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

વધુમાં જણાવવામાં આવે છે કે, આ સમગ્ર બાબતની તાત્કાલિક તપાસ કરાવી, જવાબદાર એજન્સીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તથા બન્ને કામો સરકારની ગાઈડલાઈન્સ મુજબ રોડ સેફટી નિયમો અંતર્ગત ડ્રાયવજન કરવામાં આવે અને નિર્ધારિત સમય મર્યાદામાં કામો પૂણ કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

રાજુલામાં સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત કુંભનાથ મંદિરે ભાજપ દ્વારા ઉજવણી

અમરેલી, તા. ૧૦

રાજુલા શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા સોમનાથ સ્વાભીમાન પર્વની ઉજવણીના ભાગરૂપે તા.૯/૧/૨૬ના રોજ સવારના ૮:૦૦ કલાક થી ૧૨:૦૦ સુધી આસ્થાના પ્રતિક અને પૌરાણિક તેમજ જેમની સ્થાપના પાંડવ કાલિન ભીમ દ્વારા થઈ છે એવા કુંભનાથ મહાદેવના મંદિરે શિવધૂન અને સોમનાથ સ્વાભિમાન પર્વનો હેતુ અને ભૂલાયેલા ઈતિહાસને વાગોળવામા આવ્યો હતો. બપોરે મધ્યાન્હ આરતી કરવામા આવી હતી. ને સુખડીનો મહાપ્રસાદનુ ભાવિકોમા વહેચવામા આવ્યો હતો. જેમા નગરના વિવિધ સંસ્થાઓ ભારતીય જનતા પાર્ટી, વિશ્વ હિન્દુ પરીષદ રાજુલા, બજરંગ દળ રાજુલા, વેપારી એસોસિએશન રાજુલા, નગરપાલિકા રાજુલા, રૂદ્રગણ રાજુલા, સૌરભ સાહિત્ય સંસ્થાન રાજુલાના હોદેદારો તથા સદસ્યો હાજર રહ્યા હતા. જેમા રવુભાઈ ખુમાણ દ્વારા કાર્યક્રમનુ સંકલન અને આયોજન કરવામા આવ્યુ હતુ. તેમજ મયુરભાઈ દવે તથા પરેશભાઈ ગોહીલે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. શ્લોક ગાન નિલકંઠ દાદા વડીયા દ્વારા તેમજ કાર્યક્રમ સંદર્ભે વકતવ્ય જાણીતા કવિ શશિભાઈ રાજયગુરૂ દ્વારા આપવામા આવ્યુ હતુ. ને તેમનુ મહાદેવની ફોટો કોપીથી સન્માન કર્યુ હતુ. આ કાર્યક્રમમા નગરજનો તથા વિવિધ સંસ્થાના અગ્રણીઓ મહેન્દ્રભાઈ ધાખડા, વિજયભાઈ કોટીલા, મનોજભાઈ વ્યાસ, દિલીપભાઈ જોષી, પ્રફુલભાઈ રાજયગુરૂ, મુકેશભાઈ સોમૈયા, નાગજીભાઈ જીંજાળા, મનોજભાઈ સંઘવી, જે.ડી. ધાખડા, સુરેશભાઈ મકવાણા, મહેશભાઈ વ્યાસ, પરાગભાઈ જોષી, રાજુભાઈ સોની, ચિરાગ જોશી, વેપારી અગ્રણી ઘેલાભાઈ, ભરતભાઈ જાની, ઘનશ્યમભાઈ વાઘ, બકુલભાઈ હોન્ડા શોરૂમ હાજર રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમાં રખડતા પશુઓ, બેફામ ગંદકી

જિલ્લાનાં મુખ્ય શહેરની ગંભીર હાલત હોય તો તાલુકા કે ગ્રામ્ય વિસ્તારની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે. વાતાનુકુલિન કચેરીમાં પદાધિકારીઓ અને અધિકારીઓ સ્વચ્છતા, સુલભ શૌચાલય સહિતની ચર્ચાઓ કરી રહ્યા છે અને જમીની હકીકત ચોંકાવનારી જોવા મળી રહી છે.

સમગ્ર જિલ્લાની જનતા છેલ્લા ૩૦ વર્ષથી સતત એક પક્ષને સત્તા સોંપતી હોવાથી વર્તમાન શાસકોને પરાજિત થવાનો ડર રહ્યો નથી એટલા માટે તેઓ જનતાની કોઈ ચિંતા કરતા નથી.

શાસકો ૧૦૦ સમસ્યાઓ હોય તેમાંથી એકાદ સમસ્યાનું નિરાકરણ કરીને વાહ વાહી મેળવી લે છે અને જનતા સમસ્યા ભૂલીને વાહવાહીમાં સાથે જોડાતા રોજબરોજની સમસ્યાનું કોઈ નિરાકરણ થતું નથી.

બીજી તરફ વિપક્ષ સતત પરાજયથી નિરાશાની ગર્તામાં ધકેલાઈ ગયો હોય સમસ્યાનું કોઈ સમાધાન થતું નથી અને આ પ્રકારે શાસક ચાલતુ રહેશે તો દિન પ્રતિદિન સમસ્યાઓ વધતી રહેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

શહેરનાં પ્રવેશદ્વાર ગણાતા ચિતલ રોડ ઉપર અવધ રેસીડેન્સી સામે કાયમી ધોરણે ગંદકી અને તેને ફેંદતી ગાયનાં દ્રશ્યો રોજિંદી ઘટના બની છે. તો જયાં જિલ્લા ભાજપનું કાર્યાલય આવેલ છે તે માર્ગ ઉપર સિવિલ હોસ્પિટલનાં ગંધાતા પાણી માર્ગ પર ફરી વળ્યાનાં દ્રશ્યો ઉપરોકત તસ્વીરમાં જોવા મળી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી–લીલીયા માર્ગ ઉપર

મોત નિપજેલ હતું જયારે તેમની પત્નિને ગંભીર ઈજા પહોંચી હતી.

ત્યાં ગઈકાલે મોડી રાત્રે આ અમરેલી–લીલીયા માર્ગ ઉપર સલડી નજીક નવા બનતા બ્રિજમાં એક બાઈક ચાલક ખાબકતા બાઈક ચાલકના માથામાં લોખંડનો સળિયો આરપાર ઘૂસી જતાં ગ્રાઈન્ડરથી સળિયો કાપીને સળિયા સાથે જ આધેડને સારવાર માટે અમરેલી સિવિલમાં ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજયું હતું. જો કે આ લખાય છે ત્યાં સુધીમાં પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

આ બનાવમાં જાણવાં મળ તી વિગત મુજબ અમરેલી–લીલીયા માર્ગ વચ્ચે લીલીયા તાલુકાના સલડી ગામ નજીક રામકૃષ્ણ જીનિંગ પાસે બનતા નવા બ્રિજનુ કામ ચાલી રહયું હોય અને આ ચાલતાં બ્રિજના કામ પાસે કોઈ બેરીકેટ લગાવ્યાં ના હોવાના કારણે ગઈકાલે રાત્રે એક નીતિનભાઈ પરમાર નામનાં બાઈક ચાલક આ નવા બનતાં બ્રિજમાં ખાબકતા આ બાઈક ચાલકના માથામાં બ્રીજ બનાવવાં માટે ગોઠવાયેલ લોખંડનો સળિયો આરપાર ઘૂસી જતાં ત્યાં એકઠાં થયેલા લોકોએ બાઈક ચાલકનો જીવવા બચાવવા માટે સળિયાને ગ્રાઈન્ડરથી કાપીને સળિયા સાથે આધેડને ગંભીર હાલતમાં સારવાર માટે અમરેલી સિવિલમાં ખસેડાયેલ જયાં તેમનું મોત નિપજયું હતું. આમ બે દિવસમાં અમરેલી–લીલીયા વચ્ચેનાં માર્ગ ઉપર બે લોકોનાં મોત નિપજતાં લોકોમાં ભારે રોષ જોવાં મળે છે.

આ બનવાની જાણ સલડીના એક યુવા ભાજપના કાર્યકરને થતાં આ અંગેની જાણ અમરેલી સાંસદને કરી હતી. સાથોસાથ એક પત્ર પાઠવીને ત્યાં કામ કરતાં કોન્ટ્રાકટર સામે પોતાની હૈયાવરાળ ઠાલવી હતી.

શ્રી સનાળી ગ્રામ પંચાયત
તા. કુંકાવાવ–વડીયા, જી. અમરેલી

:: ટુંકી મુદ્દતની જાહેર હરરાજી ::

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાના કુંકાવાવ વડિયા તાલુકાના સનાળી ગામે આવેલ જૂની ગ્રામ પંચાયત ઓફિસ તોડીપાડી, ઈમલા ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા. ૧૫/૦૧/૨૦૨૬ને ગુરૂવારના રોજ સમય સવારે ૧૨ : ૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી સનાળી સ્થળે રાખેલી હોય જેની અપસેટ વેલ્યુ ૫૯૮૬/– રાખેલ હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

સરપંચશ્રી
ગિરીશભાઈ નાથાભાઈ મોવલિયા
મો. ૯૯૭૯૨૨૬૮૭૯

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૦૦	૧૫૪૨
૨	એરંડા	૧૨૩૫	૧૨૩૫

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	મગફળી	૧૧૧૫	૧૨૫૧
૨	ઘઉં	૪૯૫	૫૧૮
૩	ચણા	૧૦૧૧	૧૦૧૧
૪	અડદ	૮૬૦	૯૫૫
૫	ધાણા	૧૬૫૦	૧૬૯૦
૬	શીંગદાણા	૧૧૬૦	૧૪૫૦
૭	એરંડા	૧૦૪૬	૧૦૪૬

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૫૩	૧૬૦૩
૨	મગફળી	૧૧૫૦	૧૩૫૧
૩	જુવાર સફેદ	૧૦૫૧	૧૦૫૧
૪	મકાઈ	૪૩૦	૫૦૦
૫	બાજરો	૬૫૦	૬૫૦
૬	એરંડા	૬૦૦	૬૦૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૧૦૦	૧૩૫૦
૨	શીંગ મોટી	૧૧૦૦	૧૩૭૫
૩	તલ સફેદ	૧૩૦૦	૧૮૫૭
૪	તલ કાળા	૩૩૦૦	૪૩૫૧
૫	જીરૂ	૩૮૦૧	૪૧૬૦
૬	કપાસ	૧૨૫૦	૧૬૧૨
૭	ઘઉં લોકવન	૪૮૫	૫૩૦
૮	ઘઉં ટુકડા	૫૨૦	૫૬૫
૯	મકાઈ	૩૫૦	૪૧૧
૧૦	ચણા	૮૫૦	૧૦૦૦
૧૧	તુવેર	૧૧૫૦	૧૪૭૦
૧૨	એરંડી	૧૦૫૦	૧૨૫૦
૧૩	ધાણા	૧૨૦૦	૧૪૭૦
૧૪	સોયાબીન	૮૩૦	૯૬૧

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૩૫૦	૧૬૨૫
૨	કપાસ મીડીયમ	૧૨૫૦	૧૩૫૦
૩	મગફળી	૧૧૨૬	૧૩૭૪
૪	તલ સફેદ	૧૫૨૦	૧૬૩૦
૫	તલ કાળા	૩૨૭૦	૪૦૫૦
૬	ઘઉં	૪૭૫	૫૫૫
૭	ચણા	૯૬૫	૧૦૫૫
૮	અડદ	૯૦૫	૧૧૬૫
૯	તુવેર	૯૩૦	૧૩૦૦
૧૦	સોયાબીન	૭૭૦	૯૩૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૦૦	૧૫૮૬
૨	ઘઉં લોકવન	૪૮૫	૫૨૦
૩	ઘઉં ટુકડા	૪૫૬	૫૨૩
૪	ચણા	૮૦૦	૧૦૧૦
૫	ધાણા	૧૬૦૦	૧૭૯૦
૬	અડદ	૧૩૧૦	૧૩૧૦
૭	સોયાબીન	૬૧૦	૬૭૧
૮	મગફળી	૧૦૦૦	૧૨૫૦
૯	વાલ	૯૦૦	૯૦૦
૧૦	શીંગદાણા	૧૨૩૦	૧૩૩૫
૧૧	લસણ	૫૦૦	૧૧૦૦

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૦૦૦	૧૩૮૫
૨	શિંગ ૬૬ નંબર	૧૧૬૦	૧૧૬૦
૩	ગીરનાર શીંગ	૧૧૦૦	૧૩૬૦
૪	શિંગ મોટી	૮૧૦	૧૪૦૫
૫	શિંગદાણા	૧૦૪૦	૧૫૨૫
૬	શિંગદાણા ફાડા	૧૪૦૦	૧૪૯૫
૭	તલ સફેદ	૧૦૩૫	૨૨૩૦
૮	તલ કાળા	૩૫૦૦	૪૬૧૦
૯	બાજરો	૩૩૦	૪૦૫
૧૦	જુવાર	૯૦૦	૧૦૮૫
૧૧	ઘઉં બંસી	૫૧૦	૫૧૦
૧૨	ઘઉં ટુકડા	૪૫૦	૫૮૫
૧૩	ઘઉં લોકવન	૪૯૫	૫૮૦
૧૪	મકાઈ	૩૬૫	૫૩૦
૧૫	મગ	૭૨૦	૧૫૫૫
૧૬	અડદ	૮૨૦	૧૪૫૦
૧૭	ચણા	૭૦૦	૧૧૧૦
૧૮	ચણા દેશી	૧૧૪૫	૧૧૪૫
૧૯	સફેદ ચણા	૮૧૦	૧૧૪૫
૨૦	તુવેર	૭૧૫	૧૩૬૫
૨૧	કપાસ	૧૦૫૦	૧૬૦૫
૨૨	એરંડા	૧૦૦૦	૧૨૯૦
૨૩	જીરૂ	૩૨૦૦	૪૧૪૫
૨૪	ધાણા	૧૩૦૦	૧૮૬૦
૨૫	અજમા	૧૦૨૫	૨૪૩૦
૨૬	મેથી	૧૦૦૫	૧૦૫૫
૨૭	સોયાબીન	૬૦૦	૧૦૦૦
૨૮	મરચા લાંબા	૧૨૦૦	૪૬૩૦
૨૯	કાંગ	૩૦૦૦	૫૨૫

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૦૫૦	૧૪૧૪
૨	તલ સફેદ	૧૬૫૦	૨૨૦૦
૩	તલ કાળા	૩૪૨૬	૩૪૨૬
૪	કપાસ	૧૦૦૦	૧૬૦૭
૫	બાજરો	૩૦૧	૫૦૧
૬	ઘઉં ટુકડા	૪૭૧	૫૧૯
૭	જુવાર	૭૭૦	૧૦૬૧
૮	મકાઈ	૪૬૬	૯૦૯
૯	મગ	૧૦૮૧	૨૨૦૦
૧૦	અડદ	૧૭૦૦	૧૭૦૦
૧૧	ચણા	૯૭૦	૧૦૦૦
૧૨	જીરૂ	૩૬૦૨	૩૬૦૨
૧૩	સોયાબીન	૬૫૩	૮૪૦

વિશ્વમાં ઉલ્કાવર્ષાએ ૨૦૨૬ વર્ષનું સ્વાગત કર્યું

દેશભરમાં લાખો લોકોએ કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો નિહાળ્યો

અમરેલી, તા. ૧૦

અમદાવાદ : વર્ષ ૨૦૨૬ના સ્વાગતમાં દુનિયાભરનાં ખગોળપ્રેમીઓએ અવકાશમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો નિહાળી ઝૂમી ઉઠયા હતાં. ઉલ્કાવર્ષા નિહાળી લોકો રોમાંચિત થઈ ગયા હતાં. પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ ઉલ્કાવર્ષા પછી તા.૨, ૩ અને ૪ એ મધ્યરાત્રિએ કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો નજારો પ્રતિસાદ મળતાં દેશભરમાં લાખો લોકોએ અને રાજયમાં વીસ લાખ વિજ્ઞાનપ્રેમીઓ, જિજ્ઞાસુઓએ અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો વાદળાના અવરોધો વચ્ચે નિહાળ્યો હતો.

જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે અવકાશમાં તા. ૨ અને ૩ જાન્યુઆરી મધ્યરાત્રિથી પરોઢ સુધીમાં કમિક ઉલ્કાવર્ષા પડી હતી. શરૂઆતમાં આંકડો નહિંવત હતો, પરંતુ તા.૨, ૩ અને ૪ જાન્યુઆરી સુધી રાત્રિથી પરોઢની વચ્ચે કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નિહાળી શકાઈ હતી. જાથાનું રાજય કક્ષાનું આયોજન રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મેટોડા ગામે તથા વિજ્ઞાન જાથાની શાખાઓ દ્વારા જાહેર જગ્યાએ યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, સૂર્ય તેની પરિક્રમા કરતાં ગ્રહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ખગોળપ્રેમીઓએ ખુલ્લા આકાશમાં ઉલ્કા વર્ષ મધ્યરાત્રિ બાદ કલાકની ૧૦૦ જેટલી ઉલ્કા પડતી નજરે જોઈ, બાદ તા. ૧ થી તા. ૩ ની વહેલી પરોઢ સુધી મહત્તમ ઉલ્કા વર્ષા પડતી નિહાળી ખગોળપ્રેમીઓએ અવકાશી ઘટનાનો આનંદ લૂંટયો હતો. ગામના સરપંચ રમેશભાઈ વિરડીયા, સતીષભાઈ વસોયા, પ્રોગ્રામ ઓફિસર ડૉ. પી. એમ. સખીયા અને પ્રિન્સીપાલ પ્રો. એમ. એલ. બાલધાએ હાજરી આપી હતી.

જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ ઉલ્કા વિશે માહિતી આપતા જણાવ્યું કે રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. અંધારી રાત્રે આકાશ સ્વચ્છ હોય એવા સમયે એક કલાકમાં ૧૦–૧૨ ઉલ્કાઓ ખરતી જોવા મળી હતી. જેમાંની ઘણીખરી તો ભૂસપાટી સુધી પહોંચી શકી ન હતી. હવા સાથેનું ઘર્ષણ તેમને ભસ્મીભૂત કરી દે છે. જમીન પર તેમના છૂટાછવાયા રજકણો જ પથરાય છે. ઉલ્કાના સ્વરૂપે આવેલી ધૂળ ને લોહચુંબક વડે ઓળખી કાઢવાનું સહેલું છે. સરેરાશ ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. બંને પદાર્થો લોહચુંબક પ્રત્યે આકર્ષાય તેવા છે. અંતરીક્ષમાં લઘુગ્રહો જેવા ભંગારનો તોટો નથી. આ ભંગારમાં ધૂળ છે, કાંકરા છે, પથરા છે અને વિશાળ ખડકો પણ છે. અંતરીક્ષ વચ્ચે તેમનો છૂટોછવાયો સમુદાય જયાં ત્યાં ભટકયા કરે છે અને કયારેક પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની હડફેટે ચડી જાય છે. અંતરિક્ષમાં કલાકના ૧,૦૭,૨૨૦ કિલોમીટરના પૂરપાટ વેગે આગળ વધતી પૃથ્વી તેમને સતત પોતાના વાતાવરણમાં ખેંચતી રહે છે. ભંગાર જેવો વાતાવરણમાં દાખલથાય કે તરત ઘટ્ટ વાતાવરણમાં હવા સાથે ઘર્ષણ પામીને સળગવા માંડે છે. અંધારી રાત્રે તેનો તેજલીસોટો આકાશમાં પથરાય છે. જે આપણે આજે નરી આંખે જોઈ શકયા છીએ. યુરોપખંડમાં કલાકમાં ૩૦ થી ૧૦૦ ઉલ્કા પડતી જોવા મળી હતી. વધુમાં પંડયાએ ખગોળશાસ્ત્રની ભાષામાં 'મિટિઓર શાવર' સમજાવતા કહ્યું કે સામાન્ય રીતે છુટીછવાઈ ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરતી હોય છે. પરંતુ ઘણીવાર એકસામટી હજારો કે લાખો ઉલ્કાનો રીતસરનો વરસાદ પડતો જોવા મળે છે તેને કહે છે. ખગોળવિદોએ કરેલી એક ગણતરી મુજબ છેલ્લા ૬૦ કરોડ વર્ષમાં પૃથ્વી પર આશરે ૨,૦૦૦ પ્રચંડ ઉલ્કાપાતો થયા છે. ઘણીખરી ઉલ્કાઓ સમુદ્રમાં પડી છે, એટલે પૃથ્વી પર તેમની પછડાટનાં ચિન્હો કયાંય જોવા મળતા નથી. અમેરિકાના એરિઝોના રાજયના રેગિસ્તાનમાં લગભગ ૨૨,૦૦૦ વર્ષ પહેલાં ભયંકર ઉલ્કાપાત થયો હતો. આશરે ૧૦૦ ફીટ વ્યાસ ધરાવતી ૧,૦૦,૦૦૦ ટન વજનની ઉલ્કા એરિઝોનાના આકાશમાં કલાકના ૪૦,૦૦૦ કિલોમીટરના વેગે દાખલ થઈ હતી અને છેવટે પ્રચંડ પ્રહાર સાથે જમીન ઉપર પટકાતા જમીનમાં ૪,૦૦૦ ફીટના વ્યાસનો આશરે ૬૦૦ ફીટ ઊંડો ગોબો (ખાડો) પડી ગયો. બધુ મળીને ૪૦ કરોડ ટન ખડકો, માટી અને પથરા આકાશમાં ફેંકાયા અને ખાડાના ઘારે જમીન ૧૫૦ ફીટ ઉંચકાઈ આવી. વર્તમાન સમયે ચંદ્ર ઉપરથી જોઈ શકાય તેવી વ્યવસ્થા વિજ્ઞાને શોધી છે.ખગોળપ્રેમીઓ અને છાત્રાઓની જીજ્ઞાષા સંતોષવા જયંત પંડયાએ જણાવ્યું કે ખગોળશાસ્ત્રીઓ માને છે કે આશરે સાડા છ કરોડ વર્ષ પહેલાં એક તોતિંગ ઉલ્કાના વજ્રપાતે પૃથ્વી પર જીવસૃષ્ટિનો સફાયો કરી નાખ્યો હતો. મહાકાય ડાયનોસોર તે સમયે મરી પરવાર્યા અને બીજા કરોડો વર્ષ પછી પૃથ્વી પર નવેસરથી જીવસૃષ્ટિની રચના થઈ. છેલ્લાં ૬૦ કરોડ વર્ષમાં અનેક ઉલ્કાઓ પૃથ્વી પર જો ખરેખર ત્રાટકી હોય તો સમજવાનું કે આવું ભૂતકાળમાં અનેક વખત બન્યું તેમ ભવિષ્યમાં પણ બનવાનું ! પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપતા લગભગ ૨,૦૦૦ લઘુગ્રહો અંતરિક્ષમાં ઘૂમી રહ્યાં છે. કયારેક આંચિંતા ટકરાય તો આશ્ચર્ય પામવા જેવું નથી. રોજની સરેરાશ ૧૦ કરોડ ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે, જેમની રાખ દર વર્ષે પૃથ્વીનું વજન ૪૦,૦૦,૦૦૦ ટન જેટલું વધારી દે છે. છેલ્લા પાંચ હજાર વર્ષ દરમ્યાન ધરતી પર જે ઉલ્કાઓની રાખ વેરાઈ તેનો ૧ ઈંચ જાડો થર બન્યો છે. ૧૨,૭૫૬ કિલોમીટરનો વ્યાસ ધરાવતી સમગ્ર પૃથ્વીના સંદર્ભમાં રાખના જથ્થાનું પ્રમાણનો અંદાજ રાખવો જોઈએ.જાથાના પંડયાએ ઉલ્કા વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે ઉલ્કા એ કોઈ ધુમકેતુએ છોડી દીધેલો ભંગાર છે. તેમાં નાના પથ્થરા, પથ્થરનો ભુક્કો, રજકણો, રેતીના કણો જેવા પદાર્થ હોય છે. મંગળ અને ગુરૂની વચ્ચે પણ ઘણો બધો ભંગાર પડયો છે. ઘણી વખત તેમાં ધાતુના ટુકડા પણ હોય છે. ગ્રહોની રચના વખતનો ઘણો બધો પદાર્થ અંતરીક્ષમાં વેરાયેલો પડયો છે જે અવકાશમાં નિશ્ચિત રસ્તે ફરતો રહેતો હોય છે. અંતરીક્ષમાં ફરતાં ભંગાર પાસેથી જયારે પૃથ્વી પસાર થાય છે ત્યારે આવા રજકણો કે ટુકડા જેવા પદાર્થો પૃથ્વીના ગુરૂત્વાકર્ષણને કારણે પૃથ્વી તરફ ખેંચાઈ આવે છે. તે પદાર્થ જેમ પૃથ્વીની નજીક આવે છે તેમ તેની ગતિ વધતી જાય છે. આ ગતિ કલાકના પચાસ હજાર કિલોમીટરથી પણ વધુ હોઈ શકે છે. પૃથ્વીનું વાતાવરણ ઘટ્ટ હોતાં તે વાતાવરણથી ઘર્ષણ પામે છે અને ગરમ થાય છે ત્યારે તે પદાર્થ સળગી ઉઠે છે. આપણને તેજ લીસોટા સ્વરૂપે દેખાય છે.

ઉલ્કા પડવાથી કંઈ નુકશાન થાય તે વિશે પંડયાએ જણાવ્યું કે દરરોજ કેટલાય ટન સ્વરૂપે ઉલ્કાઓ વાતાવરણમાં પ્રવેશે છે પરંતુ મોટા ભાગની ઉલ્કાઓ પૃથ્વીની સપાટી સુધી પહોંચતી નથી અને વાતાવરણમાં જ બળીને રાખ થઈ જાય છે તે પૈકીની કોઈક ટુકડો જે કદમાં મોટો છે અને સંપૂર્ણ બળી શકયો ન હોય તે પૃથ્વી સુધી પહોંચે છે. ત્યાં સુધીમાં તે ઘણો નાનો થઈ ગયો હોય છે. પૃથ્વી ઉપર મોટાભાગે પાણી, રણ, જંગલ, પહાડો જેવા પ્રદેશો હોય, વસ્તીવાળા વિસ્તારમાં ઉલ્કા પડવાની શકયતા ઘટી જાય છે. નજીકના ભૂતકાળમાં ઉલ્કા પડવાના કારણે નુકશાન કે જાનહાની થઈ હોય તેવું જાણમાં નથી.

ધારાસભ્ય તળાવીયાની ઉપસ્થિતિમાં

લાઠી/બાબરા તાલુકા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ સમિતિના સભ્યો હાજર રહ્યા

અમરેલી, તા. ૧૦

લાઠી શહેર ખાતે આજે લાઠી/બાબરા તાલુકા સંકલન અને ફરીયાદ સમિતીની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં લાઠી વિધાનસભાના ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, સ્થાનિક સ્વરાજય સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.બેઠકની શરૂઆતમાં ધારાસભ્ય જનક તળાવીયાએ તમામ ઉપસ્થિત અધિકારીઓ અને પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, તાલુકાના નાગરિકોની સમસ્યાઓનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે સંકલન અને ફરીયાદ સમિતીની બેઠક અત્યંત મહત્વની છે. લોકહિતને કેન્દ્રમાં રાખી તમામ વિભાગોએ પરસ્પર સંકલન સાથે કામગીરી કરવી જોઈએ તેવો તેમણે ભાર મૂકયો હતો. બેઠક દરમિયાન લાઠી તથા બાબરા તાલુકામાં માર્ગ–મકાન, પીવાનું પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, રેવન્યુ, કૃષિ, સામાજિક ન્યાય, ગ્રામ વિકાસ સહિતના વિવિધ વિભાગોને લગતી ફરીયાદો અને પ્રશ્નો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અગાઉની બેઠકોમાં થયેલા નિર્ણયોની અમલવારીની સમીક્ષા કરવામાં આવી અને જે પ્રશ્નો હજુ બાકી છે તે અંગે સંબંધિત અધિકારીઓને સમયમર્યાદામાં નિરાકરણ લાવવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી. પીવાનું પાણી અને માર્ગોની હાલત અંગે ધારાસભ્યએ વિશેષ ધ્યાન દોર્યું હતું. ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખી ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા ન સર્જાય તે માટે આગોતરી આયોજન કરવાની સૂચના આપવામાં આવી. ઉપરાંત, બગડેલા રસ્તાઓની તાત્કાલિક મરામત તથા નવા માર્ગોના કામોમાં ગુણવત્તા જળવાય તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું.આરોગ્ય વિભાગ સંદર્ભે સરકારી દવાખાનાઓમાં ડોકટરોની હાજરી, દવાઓની ઉપલબ્ધતા અને સ્વચ્છતાની વ્યવસ્થા સુદ્રઢ બનાવવાની તાકીદ કરવામાં આવી. શિક્ષણ વિભાગને શાળાઓમાં અધ્યાપકોની ઘટ, ઈમારતોની સ્થિતિ અને વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ અંગે યોગ્ય પગલાં લેવા જણાવાયું. ધારાસભ્યએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જનતાની ફરિયાદો માત્ર કાગળ પર ન રહે પરંતુ તેનો હકીકતમાં ઉકેલ આવે તે માટે તમામ અધિકારીઓ જવાબદારીપૂર્વક કામ કરે. કોઈપણ વિભાગમાં બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં તેવો તેમણે કડક સંદેશ આપ્યો હતો.બેઠકના અંતે વિવિધ પ્રશ્નો પર થયેલી ચર્ચા અને લેવામાં આવેલા નિર્ણયોનો સંક્ષેપ રજૂ કરવામાં આવ્યો અને તમામ અધિકારીઓને સહકારની ભાવનાથી લોકહિતમાં કાર્ય કરવા અપીલ કરવામાં આવી. આ બેઠકથી લાઠી અને બાબરા તાલુકાના નાગરિકોની અનેક સમસ્યાઓના નિવારણ તરફ સકારાત્મક પગલું ભરાયું હોવાનું ઉપસ્થિત સૌએ માન્યું હતું.

ગુંજ્યો હરહર મહાદેવનો નાદ

સાવરકુંડલાનાં શિવાલયમાં સોમનાથ સ્વાભિમાન પર્વની આસ્થાભેર ઉજવણી

ધારાસભ્ય કસવાલા, પાલિકા પ્રમુખ પણ જોડાયા

સાવરકુંડલા, તા. ૧૦

સોમનાથ મહાદેવ મંદિરના અખંડ સ્વાભિમાન અને આસ્થાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે સમગ્ર રાજયમાં ભકિતમય ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત સાવરકુંડલા શહેર ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા શ્રી રિદ્ધિ–સિદ્ધિ નાથ મહાદેવ મંદિર ખાતે શિવ પ્રસન્નાર્થે ભવ્ય 'લઘુરૂદ્ર યજ્ઞ' તથા મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

સાવરકુંડલા શહેર ભાજપ પરિવાર દ્વારા આ પ્રસંગે જણાવાયું હતું કે, "સોમનાથ મંદિર આપણી અસ્મિતા અને અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષના સંઘર્ષ બાદ પણ અડગ રહેલી આપણી આસ્થાની યાત્રાને વધાવવા અને નવી પેઢીને આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી માહિતગાર કરવાના ઉમદા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું."આ કાર્યક્રમના પ્રારંભે સવારથી જ શિવાલયમાં ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે લઘુરૂદ્ર યજ્ઞની વિધિ શરૂ કરવામાં આવી હતી. હોમ અને શિવભકિતથી સમગ્ર વાતાવરણ દિવ્ય બન્યું હતું. ધારાસભ્ય, ભાજપના અગ્રણીઓ અને ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાન ભોળાનાથની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી.આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી સમગ્ર વિસ્તારની સુખ–શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ પાવન અવસરે સાવરકુંડલા શહેર તેમજ તાલુકાની ધર્મપ્રેમી જનતા ખૂબ જ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી અને દર્શન તેમજ પ્રસાદનો લાભ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના કાર્યકરો અને સામાજિક અગ્રણીઓએ જહેમત ઉઠાવી હતી.

આનંદમયી કન્યા વિદ્યાલયમાં વિજ્ઞાન જાથાનો જાગૃતિ કાર્યક્રમ સંપન્ન

સોશ્યલ મીડિયા શકિતશાળી સાધન બેદરકારીથી વિનાશ... વિજ્ઞાન જાથા

સોશ્યલ મીડિયાના ફાયદા–ગેરફાયદાની વાતથી છાત્રાઓને માહિતગાર કર્યા

અમરેલી, તા. ૧૦

અમદાવાદ : રાજકોટ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મા આનંદમયી કન્યા વિદ્યાલયના છાત્રાઓમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. સોશ્યલ મિડીયા શકિતશાળી સાધન સાથે વધુ પડતો ઉપયોગ બેદરકારી વિનાશ નોતરે છે તેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. કિશોરાવસ્થામાં છાત્ર–છાત્રાઓ નાજુક તબક્કામાં પસાર થતા હોય તેના મનના બદલાવમાં માતા–પિતા, શિક્ષકો, સમાજે કયાં પ્રકારની સહાનુભૂતિ રાખવી જોઈએ તેનાથી માહિતગાર કરવામાં આવેલ. વિજ્ઞાન જાથાનો ૧૦૦૭૨મો કાર્યક્રમમાં રાજકોટ પોલીસ કમિશ્નર કચેરી, માલવીયાનગર પોલીસ સ્ટેશને પુરતો સ્ટાફ ફાળવ્યો હતો.કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્‌ઘાટન પ્રિન્સિપાલ લીનાબેન ત્રિવેદીએ કરતાં જણાવ્યું કે ૨૧મી સદી વિજ્ઞાન ટેકનોલોજી નેનો છે. દુનિયામાં દરરોજ નવા સંશોધનો થાય છે. તર્કને પ્રાધાન્ય આપી આગળ આવવું જોઈએ. છાત્રાઓને જાથાના કાર્યક્રમો સમાજ ઉપયોગી હોય જીવનમાં ઉતારવા શીખ આપી હતી.આ પ્રસંગે શૈક્ષણિક સ્ટાફમાં રાયધનભાઈ ગરચર, મુકેશભાઈ અઘેરા, સ્મિતાબેન મજેઠીયા, શ્રીપાબેન ઉચાટ, ભગવતીબેન ધાંધલ સહિતે હાજરી આપી હતી.જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓને રસપ્રદ માહિતી આપી તેમાં વર્તમાન સમયે સોશ્યલ મિડીયાના પ્રભાવની વાત કરતાં કિશોરાવસ્થામાં જીવનનો સૌથી નાજુક તબક્કો છે. આ સમયમાં મન ઝડપથી બદલાય છે. પોતાની ઓળખ બનાવવાની ઈચ્છા, સ્વીકાર મેળવવાની તીવ્રતા અને અસ્વીકારો ભય કિશોર મનને સતત અશાંત રાખે છે. આવી સંવેદનશીલ અવસ્થામાં સોશ્યલ મિડિયા એક ખુલ્લી દુનિયા આપે છે, પરંતુ આ દુનિયા ઘણી વખત નિર્દય સાબિત થાય છે. અહીં તુલના સતત ચાલે છે. સફળતા દેખાડવામાં આવે છે અને સંઘર્ષ છુપાવવામાં આવે છે. સોશ્યલ મિડીયા પાસે સકારાત્મક શકિત છે, એ વાત નકારી શકાય તેમ નથી. શૈક્ષણિક સામગ્રી, સર્જનાત્મક અભિવ્યકિત, વિચાર વિનિમય અને દૂર રહેલા લોકો સાથે જોડાવાની તક આ માધ્યમ આપે છે. ઘણા કિશોરો અહીંથી આત્મવિશ્વાસ મેળવે છે અને પોતાની પ્રતિભાને ઓળખ મળે છે પરંતુ જયારે આ માધ્યમ જીવનનું માપદંડ બની જાય છે, ત્યારે મુશ્કેલી ઉભી થાય છે. લાઈકસ, ટિપ્પણીઓ અને અનુયાયીઓના આધાર પર પોતાની કિંમત નક્કી કરવાની માનસિકતા કિશોરોને અંદરથી ખોખલા બનાવી નાખે છે.વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે સોશ્યલ મિડીયાની સેથી મોટી મુશ્કેલી તેની ખોટી ચમક છે. અહીં દરેક વ્યકિત પોતાનો શ્રેષ્ઠ ચહેરો બતાવે છે. દુ:ખ, નિષ્ફળતા અને સંઘર્ષ પાછળ ધકેલી દેવામાં આવે છે. કિશોરો જયારે આ ચમકદાર છબીઓ સાથે પોતાની વાસ્તવિક પરિસ્થિતિની તુલના કરે છે, ત્યારે હીનભાવના, નિરાશા અને આત્મવિશ્વાસની કમી જન્મે છે. આ લાગણીઓ લાંબા સમય સુધી મનમાં રહે, તો માનસિક તણાવ ઘેરો બનતો જાય છે. જયારે કોઈ કિશોરને એવું લાગે કે તેને કોઈ સાંભળતું નથી, કોઈ સમજતું નથી, ત્યારે જીવન વ્યર્થ લાગવા લાગે છે. આત્મહત્યા કોઈ એક ક્ષણનો નિર્ણય નથી. તે લાંબા સમયથી ચાલતા તણાવ, નિરાશા અને અસ્વીકારનું પરિણામ હોય છે. સોશ્યલ મિડીયા ઘણી વખત આ પીડાને વધુ ઘેરી બનાવે છે. જાહેર અપમાન અને સતતતુલના કિશોરોને એવું અનુભવ કરાવે છે કે તેમની લાગણીઓનું કોઈ મૂલ્ય નથી. આ પરિસ્થિતિમાં માતા–પિતાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. બાળકો પર માત્ર નિયંત્રણ રાખવું પુરતું નથી. સૌથી જરૂરી છે ખુલ્લો સંવાદ. બાળકોને એવું લાગવું જોઈએ કે તેઓ પોતાની દરેક વાત નિર્ભયપણે કહી શકે. સોશ્યલ મિડીયામાં દેખાતી દુનિયા સંપૂર્ણ સત્ય નથી, આ સમજ બાળકો સુધી પહોંચવી જરૂરી છે. માત્ર સ્ક્રીન સમય પર નજર રાખવી નહીં, પરંતુ બાળકના મનમાં શું ચાલી રહ્યું છે તે સમજવાનો પ્રયાસ કરવો વધુ જરૂરી છે.સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિપ્રધાર્થભાઈ દેગામીએ મુંજાવરની વેશભૂષામાં પ્રયોગ નિદર્શન કરી છાત્રાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ચમત્કારો પાછળના રહસ્યોની પોલખોલ કરી હતી. જાથાના સદસ્યા ભાનુબેન ગોહિલે માથા ઉપર સળગતી સગડી રાખી પ્રયોગ રજૂ કર્યો હતો.પ્રયોગમાં એકના ડબલ, અગ્નિનું આપોઆપ સળગવું, કંકુ પગલા થવા, શ્રીફળમાં ચોંટી જવું, કર્ણપિશાચ વિદ્યા, કાનેથી ચિઠ્ઠી વાચવી, ભુવાની સાંકળ મારવાની ડીડકલીલા, હાથ–માથા ઉપર દીવા, બોલતું તાવિજ, મોંમા અંગારા ખાવા, હઝરતમાં જોવું, બેડી તુટવી, હાથમાં કંકુ–લોહી નીકળવું વિગેરે પ્રયોગ નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા.જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, સાહિલ રાજદેવ, રવિ પરબતાણી, સિધ્ધાર્થ દેગામી સુરત, ભાનુબેન ગોહિલ પ્રયોગમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન આચાર્યા લીનાબેન ત્રિવેદીએ કર્યું હતું.રાજકોટ પોલીસ કમિશ્નર કચેરી અને માલવીયા નગર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓએ બંદોબસ્ત જાળવ્યો હતો.રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ માટે મો. ૯૮૨૫૨ ૧૬૮૬૯ ઉપર સંપર્ક કરવો.

''સોમનાથ સ્વાભિમાન પર્વ'' અંતર્ગત

લાઠી અને બાબરા ખાતે શિવ મંદિરોમાં ધ્વજારોહણ, મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા

ધારાસભ્ય સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૦

સોમનાથ સ્વાભિમાન પર્વના પાવન અવસર નિમિત્તે લાઠી–બાબરા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય જનક તળાવિયાના શુભ હસ્તે લાઠી ભીડ ભંજન મહાદેવ મદિર ખાતે તેમજ બાબરા સોનપરી મહાદેવ મંદિર ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધિવત મહા આરતી, પૂજાઅર્ચના તથા ભકિતભાવપૂર્વકના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભકતો, સંતો–મહંતો, સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકરો, યુવાનો, મહિલાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામે મળીને સોમનાથ સ્વાભિમાન પર્વની મહત્તા અને તેના ઐતિહાસિક ગૌરવને ઉજાગર કર્યું હતું.

ધારાસભ્યએ ભગવાન શિવની આરાધના કરીને રાજય તથા પ્રદેશની સુખ–સમૃદ્ધિ, શાંતિ અને જનકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળ ભકતો, સ્થાનિક આગેવાનો, કાર્યકરો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, "સોમનાથ સ્વાભિમાન પર્વ આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને આત્મગૌરવનું પ્રતીક છે. આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં એકતા, ભાઈચારૂં અને આધ્યાત્મિક ચેતનાને મજબૂત બનાવે છે.

કાર્યક્રમ અંતે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું અને સમગ્ર વાતાવરણ હર હર મહાદેવના જયઘોષથી ગુંજાયમાન બન્યું હતું.

આંબરડી ગામે માધ્યમિક શાળા ખાતે રસોઈ શોનું આયોજન

સાવરકુંડલા, તા. ૧૦

આંબરડી સ્થિત માધ્યમિક શાળા, આંબરડી ખાતે વિદ્યાર્થીઓમાં રસોઈ કળા, પોષણ જાગૃતિ તથા વ્યવહારૂ જ્ઞાન વિકસે તે હેતુસર એક રસોઈ શોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સરળ, સ્વચ્છ અને પોષક વાનગીઓ બનાવવાની કળા રજૂ કરી. રસોઈ શોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા અને સર્જનાત્મકતાનો પરિચય આપ્યો. કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા, પોષણ અને સમય વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. રસોઈ શોના નિર્ણાયક તરીકે શાળાના શિક્ષકો જતીનભાઈ ઉપાધ્યાય, પ્રકાશભાઈ માધડ ,રેખાબેન ઠુમ્મર અને ઈલાબેન વાળાએ સેવા બજાવી હતી.

શાળાના આચાર્ય તથા શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું અને આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું. રસોઈ શોએ શાળામાં આનંદ અને ઉત્સાહભર્યું વાતાવરણ સજર્યું. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

અંતે તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા અને કાર્યક્રમનું સફળ સમાપન થયું.

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનનાં ભાગરૂપે કુંકાવાવ : મોટા ઉજળા ગ્રામ પંચાયતની મુલાકાતે ગોંડલ તાલુકાનાં સરપંચ અને અધિકારી

ગ્રામ પંચાયતનાં સરપંચ સહિતની ટીમને શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૧૦

રાષ્ટ્રીય સ્વરાજ અભિયાનના ભાગરૂપે શ્રેષ્ઠ પંચાયતીનું આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે મોટા ઉજળા ગ્રામ પંચાયતની મુલાકાતે ગોંડલ તાલુકાની ટીમ દ્વારા પ્રાથમીક શાળા આંગણવાડી આરોગ્ય કેન્દ્ર પંચાયત ઓફીસ, તળાવ સહીતના સ્થાનોની વીજીટ કરીને કામગીરી અને કાર્યની જાણકારી મેળવી હતી. આમ કુંકાવાવ તાલુકાની શ્રેષ્ઠ ગામ પંચાયતની મુલાકાત કરતા ગોંડલ તાલુકાની ટીમના હોદ્દેદારો અધિકારીએ ગ્રામ પંચાયતની અને સરપંચની કામગીરીના વખાણ કરીને રાજય સરકાર દ્વારા પંચાયતીને મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ કામોની જાણકારી મેળવીને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે ગોંડલ તાલુકા વિકાસ અધિકારી મીલનભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ઢોલરીયા તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખ શૈલેષભાઈ તથા તાલુકા પંચાયતના સદસ્યો તેમજ કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હીરપરા, તાલુકા પંચાયત સદસ્ય વસંતભાઈ સોરઠીયા, ભદ્રેશભાઈ ગજેરા સાથે સરપંચ વિપુલભાઈ ભીમાણી તલાટ કમ મંત્

શું આપને
સાંધા બદલવાનાં
ઓપરેશનની સલાહ આપેલી છે.

શું આપ
થાપાના કે ઘુંટણનાં
સાંધાના દુખાવાથી પીડાવ છો

માં કાર્ડ તથા આયુષ્માન કાર્ડમાં આપની
સારવાર તથા ઓપરેશન તદ્દન
ફ્રીમાં કરી આપવામાં આવશે.

Dr. Krunal Thakrar
M.S., DNB (ORTHO)
Orthopedic & Joint Replacement Surgeon

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629 / 99045 93355

પદાધિકારીઓ અને અધિકારીઓ શહેરની દોઢ લાખ જનસંખ્યાની સુખાકારીનું વિચારે

અમરેલીમાં રખડતા પશુઓ, બેફામ ગંદકી અને ગટરનાં ગંધાતા પાણીની સમસ્યા

જિલ્લાનાં મુખ્ય મથકની સામાન્ય કહી શકાય તેવી સમસ્યા વિકરાળ બની રહી છતાં પણ તંત્ર આળશ ખંખેરતુ નથી

જિલ્લાનાં મુખ્ય મથકની સમસ્યા દૂર થતી ન હોય તો તાલુકા કે ગ્રામ્ય વિસ્તારમાં કેવી હાલત હશે તે સમજી શકાય છે

૧૦૦ સમસ્યામાંથી એકાદનું નિરાકરણ કરીને જનતાની વાહવાહી મેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે

શાસક પક્ષને સત્તા ગુમાવવાનો ડર રહ્યો ન હોવાથી સમસ્યાનાં નિરાકરણ માટે કોઈ કાર્યવાહી જ કરાતી નથી

અમરેલી, તા. ૧૦

અમરેલી શહેરમાં રખડતા પશુઓ, ટ્રાફિકનાં ગંધાતા પાણીનું માર્ગો પર ભરાવુ, બેફામ ગંદકી અને બંધ સ્ટ્રીટલાઈટ જેવી સમસ્યાઓનું નિરાકરણ પાલિકાનાંશાસકો પાસેજોવા મળતું નથી. શહેરની દોઢ લાખ જનતા પાલિકામાં રજૂઆત કરે, મીડિયામાં સતતઅહેવાલ પ્રસિધ્ધથાયછતાંનિંભર તંત્રને લોકશાહી શાસન વ્યવસ્થા હોવા છતાં ચિંતા નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૦૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ કાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫

ગરીબ વિરોધી વીબી–ગ્રામ–જી કાયદાની ઘોર નિંદા કરી

કોંગ્રેસ દ્વારા ''મનરેગા બચાવો'' આંદોલન ગ્રામ્ય વિસ્તારથી લઈને રાજય સ્તરે લડાશે

મનરેગાનાં મુળ અધિકારની પૂનઃ સ્થાપના કરવાની માંગ કરાશે

અમદાવાદ, તા. ૧૦

'રોજગારીનો અધિકાર' આપતો મનરેગા કાયદામાં ખોટા ફેરફાર કરી નબળો પાડવાની ભાજપ સરકારની ભ્રષ્ટનીતિ પર આકરા પ્રહાર કરતા પુર્વ કેન્દ્રીય મંત્રી અને પુર્વ પ્રદેશ

પ્રમુખ ભરતસિંહ સોલંકી વડોદરા ખાતે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં અને ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો મનરેગાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની કાવતરૂં છે. વીબી–ગ્રામ–જી કાયદાની કડક

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
'કળશ મોલ' ની બાજુમાં આવેલ
મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

WE ARE HIRING
Sheetal ICE CREAM
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1 Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2 Experience : 1-2 Years
• Night Billing Executive - 2 Experience : 1-2 Years
• Reporting Manager - 2 Experience : 1-2 Years
• Junior Accountant - 1 Experience : 1-2 Years
• Trainer – 1 Experience : 1-2 Years
Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

LG Life's Good.
Thank You India for Making
LG Most Trusted Brand
LG celebrates a historic Initial Public Offering (IPO) with never-before offers.
IPO CELEBRATION OFFERS
Get up to 50% Off + 10% GST Benefits*
Scratch & Win Instant Discount* upto ₹9990
Upto 15% CASHBACK
0 DOWN PAYMENT
EMI STARTING FROM ₹888
LG BEST Care Add-on for AMC 20%



LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, રાજકરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)